



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૧૨/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૩૦૦





## બિલ્ડર એસોસીએશન દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવાયું

# અમરેલી જિલ્લામાં જંત્રીનો વધારો બાંધકામ ઉદ્યોગને નેસ્તનાબૂદ કરી નાખશે

**સમગ્ર જિલ્લામાં ભયાનકપણે મંદીનો માહોલ હોય તેમાં જંત્રીનો વધારો મરણતોલ ફટકો સાબિત થશે**

**જિલ્લામાંથી અનેક પરિવારો મહાનગર તરફ સ્થળાંતર કરતાં હોય તેમાં વધારો થશે**

**કોઈપણ મિલ્કતની કિંમતમાં રાતોરાત ૫૦૦થી ૭૦૦ ટકાનો વધારો અશકય**

**જંત્રી માટેનું સર્વે ટેકનીકલ ટીમનાં આધારે કરીને યોગ્ય નિર્ણય કરવા માંગ**



અમરેલી, તા. ૯

અમરેલી બિલ્ડર્સ એસોસીએશન ધ્વારા આજે જિલ્લા કલેકટરનેઆવેદનપત્ર પાઠવીનેજંત્રીનાં નવા દર સામે નારાજગી વ્યકત કરતું આવેદનપત્ર પાઠવવામાંઆવ્યું.

આવેદનપત્રમાંજણાવેલછે કે,સરકારધ્વારાજમીનોસંપાદનથનાર હોઈ તેવા વ્યકિતઓ કે જંત્રી વેલ્યુમાં વધારો થવાથી તેઓને વ્યકિતગત ફાયદો થનાર હોય તેવા લોકો જ જંત્રી વેલ્યુમાં વધારો કરવા માંગણી કરે છે. સ્ટેટ હાઈવે કે નેશનલ હાઈવે નિકળવાથી જે જમીનોને અસરકર્તા હોય તેવી જમીનોને બજાર કિંમત વધે છે. બાકી ખેતીની જમીનો કે જે રોડથી અંદર છે તેની બજાર કિંમત વધી જતી નથી. ખેતીની જમીનની બજાર કિંમત તેના ઉપજાવ પણા ઉપર આધારીત છે. જમીનનું લોકેશન જે વર્ષો સુધી ખેતી લાયક છે તેવી ખેતીની જમીનની બજાર કિંમત માટે અતિ મહત્વનું નથી. જમીન સંપાદનનાં વળતરમાં પોતાનો વ્યકિતગત ફાયદો લેવા ઈચ્છતા વ્યકિતઓ જે સરકારમાં જંત્રી વેલ્યુમાં વધારો કરાવવા ઈચ્છે છે.

વધુમાં જણાવેલ છે કે, કેટલાક વ્યકિતઓ જંત્રી દરમાં વધારો કરાવવા ઈચ્છે છે તેનું એક કારણ એવું છે કે બેન્કમાંથી લોન મેળવવા, જંત્રી આધારિત વેલ્યુએશન રીપોર્ટ તૈયાર કરાવે અને તેના આધારે બેન્કમાંથી મોટી રકમની લોનો મેળવી અને બેન્કની લહેણી રકમ ભરપાઈ ન કરે, બેન્ક ધ્વારા જાહેર હરરાજી કરવામાં આવે તેવા સંજોગોમાં બેન્કને મોટી નુકસાની સહન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે અને લોન લેનારને તેના પ્લોટ મોટી કિંમતે વેચાણ થઈ જાય છે. અગાઉ જંત્રીમાં વધારો થયા બાદ ઉપરથી પધ્ધતિથી બેન્ક સાથે અનેક ફ્રોડ થયેલ છે.

વધુમાં જણાવેલ છે કે,

અનુસંધાન પાના ૬ ઉપર




## સ્થાનિક પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધી

# લાજવાને બદલે ગાજયો : બાબરાનાં એક યુવકે એક સગીરા પાસે બિભત્સ ફોટાની માંગણી કરતાં ચકચાર

**સગીરાનાં વાલીને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી**

અમરેલી, તા. ૯

બાબરાના એક યુવાને એક સગીરાની આબરૂ લેવાના ઈરાદે સોશ્યલ મીડિયા મારફત તેમજ એકલતાનો લાભ લઈ છેડતી કરવાના ઈરાદે બીભત્સ ફોટાની અને ખરાબ માંગણી કરવાની ઘટનામાં સગીરાના વાલીએ યુવાનને ઠપકો આપતા યુવાને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાવેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ યુગ બાઉદિનભાઈ કારિયા નામના યુવાને એકતેર વર્ષની સગીરાની આબરૂ લેવાના ઈરાદે સગીરાને સોશ્યલ મીડિયા મારફત ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી સ્નેપચેટ મારફત મેસેજ વોઈસ કોલ કરતો હતો જેથી સગીરાએ પોતાનું સ્નેપચેટ એકાઉન્ટ બંધ કરી દીધેલ હતું. આથી સગીરા

અનુસંધાન પાના ૬ ઉપર

## અસલ શિયાળાનો પ્રારંભ

# અમરેલીમાં કડકડતી ઠંડીમાં શહેરીજનો ઠુંઠવાયા

**ધોળે દિ'એ ગરમ કપડા પહેરવા સૌ મજબૂર**

અમરેલી, તા. ૯

અમરેલી શહેર ઉપરાંત જિલ્લામાં દિનપ્રતિદિન ઠંડીમાં વધારો થઈ રહ્યો છે.

સવારનાં સમયે ઠંડા પવને સૌને ધ્રુજાવ્યા બાદ દિવસ દરમિયાન ઠંડીનો માહોલ રહેતા જનતા જનાર્દન ધોળેદિ'એ ગરમ કપડા પહેરવા મજબુર બનીછે.

આગામી દિવસોમાં પણ ઠંડીમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે.

## કરિયાણા ગામેથી દંપત્તિ બાઈકમાં પરત આવતું હોય

# બાબરાનાં માર્કેટયાર્ડ નજીક અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતાં પત્નીની નજર સામે પતિનું મોત

**૪ સંતાનોનાં પિતાએ છત્રછાયા ગુમાવતાં પરિવારમાં કલ્પાંત**

અમરેલી, તા. ૯

બાબરાના કરિયાણા ગામે રહેતા મનોજભાઈ વશરામભાઈ મકવાણા નામના ૪૦ વર્ષિય યુવક અને તેમના પત્ની રેખાબેન બંને મોટર સાયકલમાં બાબરાથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે બાબરાના યાર્ડ પાસે સામેથી આવતા અજાણ્યા વાહને

અનુસંધાન પાના ૬ ઉપર









# નવી દિલ્હીમાં ભારતીય સહકારિતા માટે ગૌરવાન્વિત ક્ષણ : ICA ગ્લોબલ કોન્ફરન્સ






અમરેલી, તા. ૯

સહકારની સરિતા અસ્ખલિત વહેતી હોય છે, તેને કોઈ કિનારા હોતા નથી. હા.... જયાંથી પસાર થાય ત્યાં નાના મોટા વિકાસ કે આર્થિક ટેકાનું વાવેતર કરતી જાય. સહકાર એ શબ્દ કરતાં સામાજીક ઉત્થાનનું મહત્વનું અંગ છે તેમ વિસ સાથે કહી શકું. કારણ કે, કયાંક ને કયાંક.... આપણે સૌ તેમાં સંકળાયેલા છીએ. સમાયેલ છીએ...સહયોગી છીએ...

રજવાડાના એકત્રીકરણના સરદાર વલ્લભભાઈ પટેલના સંનિષ્ઠ પ્રયાસમાં રાજાઓનો વિસ અને ગાંધીજીની ભારત છોડો હાકલને જનસમર્થન એ પણ સામાજીક સહકાર છે, તેથી જરૂર કહી શકાય કે સહકાર અજન્મા છે.

ભારતની સહકારી પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવેલ છે, જેના મૂળ અને સંસ્કૃતિ આર્થિક પધ્ધતિમાં જોડાયેલ છે. કૌટિલ્યના અર્થશાસ્ત્ર પ્રમાણે જોઈએ તો ગામડાઓનું નાણાંકીય માળખું સહકારી માળખાની પ્રતિતિ કરાવે છે, રોજગાર પુરો પાડે છે, કૌટુંબિક અને સામાજિક વિકાસમાં દાયિત્વ નિભાવે છે. ભારત સરકાર સહકારી નીતિને લોકભોગ્ય બનાવવા અને આ પ્રવૃત્તિને જન–જન સુધી પહોંચાડવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરી આઝાદી બાદ દેશમાં પ્રથમ વખત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવા સહકાર મંત્રાલયની રચના તેનું પ્રતિબિંબ છે. અનુભવી સહકારી તેના તરીકે અમિતભાઈ શાહ કેન્દ્ર સરકારમાં સહકાર મંત્રી તરીકે આ મંત્રાલય સંભાળી રહ્યા છે.

નવા સહકાર મંત્રાલયની રચના બાદ ''સહકાર થી સમૃદ્ધિ'' સંકલ્પ સાથે દેશના સહકારી માળખામાં અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. જેના આપણે સૌ સાક્ષી બની રહ્યા છીએ.

જુલાઈ ૨૦૨૪ માં અમેરિકા સ્થિત સંયુકત રાષ્ટ્ર સંઘ મુખ્યાલય ખાતે યોજાયેલ ICA (International Cooperative Alliance)ની બેઠકમાં ભારતના સહકારી પ્રતિનિધિમંડળ સાથે હું ઉપસ્થિત રહેલ. આ બેઠકમાં મારા સંબોધનમાં મેં ICAની ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું ઈફકોના યજમાન પદે ભારતમા આયોજન કરવા માટે નિમંત્રણ પાઠવેલ. જે ICA બોર્ડ દ્વારા મંજુર કરવામાં આવેલ.

૧૩૨ વર્ષ પહેલાં સ્થાપિત ICAની ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ૧૦૭ દેશોના સહકારી અગ્રણીઓની ઉપસ્થિતિમાં ઈફકોના યજમાન પદે ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે યોજાઈ. આવા સમયે સહકારની વિવિધ સક્રિય જવાબદારીઓ વચ્ચે ભારતના યજમાન પદે યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સની વ્યવસ્થાઓ અને જવાબદારીઓ વહન કરવાનો મને અવસર પ્રાપ્ત થયોતે મારા જીવનની ગૌરવની ક્ષણ છે.

ગત તા. ૨૫ નવેમ્બરનાં રોજ ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે યોજાયેલ ICA ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, ભૂટાનનાં પ્રધાનમંત્રી શેરિંગ ટોબગે, ફિઝિનાઉપ પ્રધાનમંત્રી મનોઆ કામીકામીકા, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ, ICAનાં અધ્યક્ષ અરીઅલ ગ્વારકો તેમજ વિના ૧૦૭ દેશોના ૧૫૦૦ થી વધુ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા ૨૦૨૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું અને કોન્ફરન્સનો શુભારંભ કરવામાં આવ્યો.

વિશ્વના અલગ અલગ દેશોમાંથી પધારેલા સહાકારી આગેવાનો સાથે ICA દ્વારા યોજાયેલ વિવિધ ચર્ચા સત્રો તેમજ પ્રતિનિધિ મંડળ સાથેની બેઠકોમાં વ્યક્તિગત રૂપે સૌને મળવાનો મને અવસર પ્રાપ્ત થયો. વિના અનેક દેશોનાં સહકારી આગેવાનો ભારતની સહકારિ ચળવળ વિષે જાણકારી મેળ વવા માટે ઉત્સુક જણાતા હતા. વિશેષ દેશની પ્રમુખ સહકારી સંથાઓ સાથે કોઈ ને કોઈ સહકારી પ્રવૃત્તિ બાબતે જોડાવાની ઈચ્છા પણ વ્યકત કરી. મુલાકાતોમાં મને ''વસુધૈવ કુટુમ્બકમ''ની ભાવનાનું પણ દર્શન થયું.

વિશેષ યાદ સાથે એક વાતનો પણ હું ઉલ્લેખ કરીશ કે વર્ષ ૧૯૯૫ માં એટલે કે આજથી ૩૦ વર્ષ પહેલા વસુંધરા – અમરેલી નામના એક ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિના સદ્હેતુ સાથે મેં સ્થાપના કરેલી. આ સંસ્થાના હેતુમાં એક હેતુ ''વસુધૈવ કુટુમ્બકમ''ની ભાવનાને ચરિતાર્થ કરવાનો પણ હતો. સમગ્ર વિશ્વમાં એક જ કુટુંબની ભાવનાનો પ્રચાર અને પ્રસાર કરવો. આ ભાવનાની સમજ લોકોને આપવી સમગ્ર માનવ જાતની જ નહિ, પરંતુ સમગ્ર જીવ સૃષ્ટિ વચ્ચે પ્રેમભાવ વધે તેવા દિવ્ય કાર્યો કરવાનો હેતુ હતો. એક સહકારી કાર્યકર્તા તરીકે આ કોન્ફરન્સના આયોજન અને વ્યવસ્થામાં સહભાગી થતા મને આ ' 'વસુધૈવ કુટુમ્બકમ''ની ભાવનાનું સ્પષ્ટ દર્શન થયું. જે મારા જીવનની ગૌરવરૂપ ક્ષણ કહી શકાય.

ભારતનું સહકારી માળખું વિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણાદાયી સહકારી માળખા તરીકે ઉભરી આવ્યું છે. આજે '' સહકાર થી સમૃદ્ધિ'' સંકલ્પ ભારતમાં જ નહિ પરંતુ વિનાં અનેક દેશોમાં સ્વિકૃત બન્યો છે. ICA ગ્લોબલ અધિવેશન પણ આ પ્રક્રિયાને વધુ ગતિ આપવા કેટલાક નીતિ વિષયક નિર્ણયો કરી ચુકેલ છે. જેમાં નીતિ અને ઉદ્યોગ સાહસિક ઈકો સિસ્ટમને સક્ષમ કરવી, સહકારી ઓળખને વધુ બળવતર બનાવવી, હેતુપૂર્ણ નેતૃત્વનું સંવર્ધન કરવું, સમાન સ્થિતિ સ્થાપકતા અને ન્યાયપૂર્ણ પ્રક્રિયાને આકાર આપવો. આ કોન્ફરન્સનાં સમાપન સમારોહમાં મેં મારા અધ્યક્ષીય ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે સહકારી માળખાના માધ્યમથી વિમાં શાંતિપૂર્ણ અને રકત વિહીન ક્રાંતિ શકય છે. (Cooperative is only alternative for Peaceful and Bloodless Revolution) ઉપસ્થિત વિશ્વના સહકારી નેતાઓ/પ્રતિનિધીઓએ એ તાલીઓના ગડગડાટ સાથ આ વાતને અનુમોદન આપ્યું હતું.

ઈફકોના યજમાન પદે નવી દિલ્હી ખાતે યોજાયેલ ICA ગ્લોબલ કોન્ફરન્સ ભારતીય સહકારી માળખામાં, સહકારી પ્રવૃતીની યશોગાથામાં સફળતાનું વધુ એક મોરપીંછ ઉમેરી સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે કોન્ફરન્સનું સમાપન થયું.

ભારતના મહેમાન બનેલા વિશ્વના વિવિધ દેશોના પ્રતિનિધિઓ કોન્ફરન્સના સમાપન બાદ દિલ્હી શહેર, સંસદ ભવન, સ્ટેચ્યુ ઓફ યુનિટી (નર્મદા–ગુજરાત), તાજમહેલ (આગ્રા), વારાણસી, જયપુરનાં પ્રવાસ માટે પ્રસ્થાન કરેલ.

**– દિલીપ સંઘાણી**
(NCUI, IFFCO & GUJCOMASOL
પૂર્વ સહકાર મંત્રી, ગુજરાત)

# અમરેલીની બ્રાહ્મણ સોસાયટીમાં ડોર ટુ ડોર પોલિયો રસી કરણ



અમરેલી તા.૯

અમરેલી શહેરમાં આજે પોલિયો રવિવાર ના દિવસે પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોના ટીપા પીવડાવવામાં આવેલ હતા. શહેરમાં સ્વૈચ્છીક સંસ્થાઓ તેમજ હેલ્થ વિભાગ દ્વારા બુસપોર્ટ સહિત અનેક જગ્યાએ પોલિયો પીવડાવવાનુ આયોજન કરવામાં આવેલ હતું.

દો બુંદ જિંદગીકી અમરેલીમાં આજે જીરો થી પાંચ વર્ષના બાળકોને પોલિયો રસી આપવાનો કાર્યક્રમ ઠેર ઠેર યોજવામાં આવેલ હતો. શહેરમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બાળકોને પોલિયો પીવડાવવા આકર્ષિત કરવા અવનવા રમકડાં આપવામાં આવેલ હતા. ત્યારે પોલિયો પીવડાવવામાં એક પણ બાળક બાકી ન રહી જાય તેવાં શુભ આશય સાથે શહેરના બ્રાહ્મણ સોસાયટી વિસ્તારમાં માયાબેન દ્વારા પાલિકાના સદસ્યોં સાથે મળી આ વિસ્તારમાં ડોર ટુ ડોર બાળકોને પોલિયો પીવડાવવાનુ સુંદર આયોજન કરી ખરા અર્થમાં પોલિયો રવિવારની ઉજવણી સાર્થક કરેલ હતી. અમરેલી જિલ્લામાં આજે લાખો બાળકોને પોલિયોના ટીપા પીવડાવવામાં આવેલ હતા. ઝૂંપડ પટ્ટી વિસ્તારમાં હેલ્થ વિભાગ દ્વારા રૂબરૂ જઈ પોલિયો પીવડાવવાની કામગીરી કરવામાં આવેલ હતી.

# સિવિલ હોસ્પિટલમાં અર્બન હેલ્થ સેન્ટરમાં બાબરામાં પોલિયો બુથનો પ્રારંભ કરાવતા પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

બાબરા શહેર સહિત તાલુકામાં આવેલ આરોગ્ય સેન્ટરમાં ૦ થી ૫ પાંચ વર્ષના બાળક ને પોલિયો રસીકરણ કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે આ સિવાય શહેર આ જાહેર સ્થળ તેમજ સિમ વિસ્તારમાં કામ કરતા શ્રમિક પરિવારના બાળકો ને પણ પોલિયો રસીકરણ માટે મોબાઈલ વાનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બાબરા શહેરમાં સિવિલ હોસ્પિટલમાં અર્બન હેલ્થ સેન્ટર માં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર ના હસ્તે પોલિયો બુથ નો આરંભ કરવામાં આવ્યો હતો અહીં પાલિકા પ્રમુખ દ્વારા નાના બાળકો ને પોલિયોના બે ટીપા પીવરાવી અભિયાન નો પ્રારંભ કરાવી ૦ થી ૫ વર્ષના બાળક ને અચૂક પોલિયો નું રસીકરણ કરવા અનુરોધ કર્યો હતો.

# શાખપુરમાં શ્રી ખોડિયાર મંદિરે નવચંડી યજ્ઞ યોજાયો



લાઠી, તા. ૯

લાઠી તાલુકાના શાખપુર ગામે આવેલ શ્રી ખોડિયાર માતાજીના મંદિરે ગત રવિવારના રોજ ગેભિલ ત્રિવેદી પરિવાર દ્વારા યોજવામાં આવેલ નવચંડી યજ્ઞમાં સમસ્ત ગેભિલ ત્રિવેદી પરિવારના સભ્યોએ લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

## ચેક રીટર્ન કેસમાં ચુકાદો

# કુંકાવાવનાં બાંભણીયા ગામનાં આરોપીને ચીફ કોર્ટ દ્વારા ૬ માસની સાદી સજા

## હાથ ઉછીના રૂા. ૧.૫૦ લાખને લઈને કેસ થયેલ

કુંકાવાવ, તા. ૯

તાજેતરમાં જશવંતગઢ, ચિતલના રહેવાસી વલ્લભભાઈ છગનભાઈ ધાનાણી પાસેથી સંબધના નાતે હાથઉછીની રકમ દોઢ લાખ લઈ જઈ આ રકમ પરત ચુકવવા કુંકાવાવ તાલુકાના બાંભણીયા ગામના વતની ભાવેશભાઈ ભીખભાઈ ગજેરાએ ચેક આપેલ. જે ચેક બાઉન્સ થતાં અમરેલી કોર્ટમાં સીધી જ ફોજદારી ફરીયાદ દાખલ થયેલ. જે કેસના કામે પુરાવાના અંતે ચીફ કોર્ટે આરોપી ભાવેશભાઈ ભીખાભાઈ ગજેરાને ૬ માસની સજા, દંડ તથા ચેકની રકમ તથા ચેકની દોઢી રકમ વળતર પેટે વલ્લભભાઈ ધાનાણીને ચુકવવા હુકમ કરેલ છે. અને જો આ રકમ સમયસર ચુકવવામાં વિલંબ કરે તો વધુ ૩ માસની સાદી કેદની સજા કરતો ચુકાદો તા. ૭/૧૨/૨૪નાં રોજ કોર્ટે ફરમાવેલ છે. અને સદર ચુકાદાના અનુસંધાને હાથઉછીની રકમ લઈ પરત નહી ચુકવનાર ઈસમોમાં ફફડાટ ફેલાયેલ છે. ફરીયાદી તર્ફે એડવોકેટ તરીકે અમરેલીના સીનીયર ધારાશાસ્ત્રી એ.સી.વરીયા રોકાયેલ છે.

## જુના સ્વામીનારાયણ મંદિર ખાતે

# બગસરામાં ખીચડી ઉત્સવ અને સત્સંગ સભાની આસ્થાભેર ઉજવણી

## રજથી ડિસેમ્બરથી શ્રીમદ્ ભાગવત કથાનું પણ આયોજન


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૯

બગસરા શહેરમાં જુના સ્વામીનારાયણ મંદિર દ્વારા આગામી ૨૪ થી ૩૦ ડિસેમ્બર સુધી ભવ્યાતિ ભવ્ય ગૌમાતા મહોત્સવ શ્રીમદ ભાગવત કથા પારાયણ આયોજન હોવાથી મહુડી સંખ્યામાં ગૌ માતા મહોત્સવ શ્રીમદ ભાગવત કથા પારાયણનું લાભ લેવા બગસરા વાસીઓને જણાવેલ છે શ્રી વિવેક સ્વરૂપ દાસજી સ્વામીએ જણાવેલ છે અંતર્ગત ખિચડી ઉત્સવ અને સત્સંગ સભાનું આયોજન કરાયું પુ. વિવેક સ્વરૂપદાસજી સ્વામી દ્વારા સભાનું આયોજન કરાવ્યું. બહોળી સંખ્યામાં હરિભકતો આ ખીચડી ઉત્સવ તથા સત્સંગ સભા લાભ લીધો હતો.

## ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર આવેલ

# રાજુલાનાં હિંડોરણા ગામ નજીક કાર અને ટેમ્પો વચ્ચે અકસ્માતમાં ૮ વ્યકિત ઈજાગ્રસ્ત

## ઈજાગ્રસ્તોને સારવારમાં ખેસડવામાં આવ્યા



અમરેલી, તા. ૯


ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલા તાલુકાના હિંડોરણા ગામ નજીક ફોરવ્હીલ કાર અને ટેમ્પો સામસામે ધડાકાભેર અથડાતા ૬ મહિલા સહિત ૮ લોકોને ગંભીર ઈજાઓ થતાં તમામને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ આજે સાંજના સમયે ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલા તાલુકાના હિંડોરણા ગામ નજીક ધાતરવડી બ્રિજ પર ફોરવ્હીલ કાર અને ટેમ્પો સામસામે ધડાકાભેર અથડાય પડતાં આ બનાવમાં ૬ મહિલા અને બંને વાહન ચાલક સહિત ૮ લોકોને ગંભીર ઈજાઓ થતાં તમામને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે.


રાજુલાના હિંડોરણા ગામ નજીક ધાતરવડી બ્રિજ પર અકસ્માત સર્જાતા ત્યાં ટ્રાફિકજામ થતાં સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી જઈ અને ટ્રાફિક સમસ્યા દૂર કરી હતી.

# બી.એ.પી.એસ. સંસ્થાનાં આંતરરાષ્ટ્રીય 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ના સમાપન સમારોહમાં સૌ મંત્રમુગ્ધ









વિશ્વ સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સેવા, સમર્પણ અને ગુરૂભક્તિથી છલકાઈ રહેલાં એક લાખ જેટલાં કાર્યકરોનું રોમાંચક પ્રસ્તુતિઓથી અદભુત અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં બી.એ.પી.એસ.ની કાર્યકર પ્રવૃત્તિના મધ્યસ્થ કાર્યાલયના મુખ્ય કાર્યવાહક સંત પૂ. યજ્ઞપ્રિય સ્વામીએ તેઓના સંબોધનમાં મહંત સ્વામી મહારાજને કાર્યકરોને વધાવવાનો કેવો ઉમંગ છે તેના વિષે વાત કરી હતી. ત્યારબાદ કલાત્મક વિશિષ્ટ રથમાં પરમ પૂજય મહંત સ્વામી મહારાજનું આગમન થયું ત્યારે અદભુત માહોલ રચાયો હતો. સમગ્ર સ્ટેડિયમમાંથી પસાર થઈ રહેલાં મહંત સ્વામી મહારાજના રથની સમાંતર ચાલી રહેલી પ્રસ્તુતિમાં–જેમ જેમ રથ આગળ વધતો ગયો એટલે કે સત્પુરૂષનો સંસ્પર્શ સૌ કાર્યકરો પામતા ગયા તેમ તેમ વિખરાયેલા મણકા એક માળામાં પરોવાઈ ગયા અને ગુલાબની પાંખડીઓ કયારેય ન કરમાય તેવી સુવર્ણ પાંખડીઓમાં પરિવર્તન પામી – આવી અર્થપૂર્ણ અને આકર્ષક રીતે મહંત સ્વામી મહારાજનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ૯૫૫ બાળ – યુવા કાર્યકરો દ્વારા રજૂ કરાયેલી આ વિશિષ્ટ પ્રસ્તુતિ માટે ૫૫૦ પુષ્પ પાંખડીઓ અને ૨૨૫ મણકા બનાવવામાં ચાર મહિના જેટલો સમય લાગ્યો હતો. ત્યારબાદ પરમ પૂજય મહંત સ્વામી મહારાજ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટય બાદ કાર્યકરોની નિસ્વાર્થ સેવાભાવનાનો જયજયકાર કરતા આ કાર્યક્રમમાં ભારતનાપ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. નરેન્દ્રભાઈ મોદીએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. બીએપીએસની કાર્યકર શક્તિ માનવજાતના હિત માટે છે. બીએપીએસના કાર્યકરો વિશ્વમાં નરેન્દ્રભાઈ મોદીએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. ભારતના પ્રભાવને ઉજાગર કરી રહ્યા છે. બી.એ.પી.એસ.ના મંદિરો ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતનાના પ્રતીક છે. પ્રમુખ સ્વામી મહારાજ સાથેનો મારો નાતો મારા જીવનનો એક અભિન્ન હિસ્સો છે. તાજેતરમાં બી.એ.પી.એસ.ના અબુ ધાબીમાં નિર્મિત મંદિરે વિશ્વને ભારતની આધ્યાત્મિક શક્તિના દર્શન કરાવ્યા છે. પ્રમુખ સ્વામી મહારાજના પારિવારિક શાંતિ માટે ઘરસભા જેવા અભિયાનોને આપણે આગળ ધપાવવાના છે. કાર્યકર પ્રવૃત્તિનો આરંભ છેલ્લા ૧૦૦ કરતાં વધુ વર્ષોથી આરંભાયેલી આ સ્વયંસેવક પરંપરાનું બીજારોપણ અને તેના પોષણની અદભૂત રજૂઆત કરવામાં આવી હતી. સત્પુરૂષના પ્રેમ દ્વારા આ બીજ અંકુરિત થાય છે. બી.એ.પી.એસ. ના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ કાર્યકર પ્રવૃત્તિના બીજ રોપ્યા અને ક્રમશઃ તેઓ અંકુરિત થયા. ત્યારબાદ બી.એ.પી.એસ.ના આંતરરાષ્ટ્રીય સંયોજક પૂ. ઈશ્વરચરણ સ્વામીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. એક નાના બીજમાંથી વટવૃક્ષ બનેલી આ સ્વયંસેવક – સેવાઓ ભારત અને વિશ્વભરમાં કેવી રીતે વ્યાપી અને અનેક વિપરીત સંજોગોના વાવાઝોડા વચ્ચે પણ કર્તવ્યનિષ્ઠ રહેનાર કાર્યકરોની રોમાંચક ગાથાઓ આ વિભાગમાં પ્રસ્તુત થઈ હતી. વિપરીત પરિસ્થિતિઓમાં પણ સેવામાં અડગ રહેતા બી.એ.પી.એસ. ના મહિલા કાર્યકરોના અને પુરૂષ કાર્યકરોના વિશિષ્ટ પ્રસંગો પર વકવ્ય રજૂ કરવામાં આવ્યું. આ કાર્યકરોની નિસ્વાર્થ સેવાઓનાં મીઠાં ફળ સમાજના કરોડો લોકો માણી રહ્યા છે, તેની દિલધડક પ્રસ્તુતિ આ વિભાગમાં રજૂ થઈ હતી. જમીનમાં તો ફળ થાય, પરંતુ આકાશમાં ફળ ઉગાડવા જેવી અશકય લગતી બાબતોને પોતાની નિષ્ઠા અને સમર્પણથી સાકાર કરનાર લોકોની ભેટ વિશ્વને આ કાર્યકરોના રૂપમાં મળી છે. ત્યારબાદ બી.એ.પી.એસ. ના વરિષ્ઠ સંત પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ તેઓના ઉદ્બોધનમાં જણાવ્યું, કાર્યકરોનું અભિવાદન કરવા માટે આજે પ્રમુખ સ્વામી મહારાજના જન્મદિન કરતાં ઉત્તમ દિવસ અને સમય કયો હોઈ શકે? બી.એ.પી.એસ.ના કાર્યકરોએ વિશાળ સંઘશક્તિનું જવલંત ઉદાહરણ પૂરૂ પાડયું– અમદાવાદમાં યોજાયેલ પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ વખતે. જયારે કાર્યકરોએ અકલ્પનીય કાર્ય શકય બનાવ્યું, ૬૦૦ એકરમાં નગર ઊભું કરી દીધું, જેમાં સવા કરોડ જેટલાં લોકો પવિત્ર પ્રેરણા લઈને ગયા. ૮૦,૦૦૦ સ્વયંસેવકો જયાં તને–મને–ધને ન્યોછાવર થઈ ગયા. બી.એ.પી.એસ.ના કાર્યકરોએ ઓછી સંખ્યામાં હોવા છતાં સંપ અને કાર્યનિષ્ઠાનું જવલંત ઉદાહરણ પૂરૂં પાડયું – યુક્રેન યુધ્ધ સમયે હાથ ધરાયેલા સેવા કાર્યમાં. જેમાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વિનંતી બાદ ૧૧ દેશોમાંથી બી.એ.પી.એસ. ના ૬૪ સ્વયંસેવકોએ બીજા દિવસથી જ રાહત કેમ્પ તાત્કાલિક ધોરણે શરૂ કરી દીધો. આ કાર્યકરોએ ઠંડીમાં, ભૂખ્યા રહીને, ઉજાગરા વેઠીને ૩૭૦૦ જેટલાં ભારતીયોને મદદ કરી. બી.એ.પી.એસ. ના માત્ર એક કાર્યકરે નિષ્ઠાનું જવલંત ઉદાહરણ પૂરૂં પાડયું – એકલા હાથે સેવાકાર્યો હાથ ધરીને. એવા ઘણાં કાર્યકરો છે જેમણે એકલાએ અનેક ગામો વ્યસનમુક્ત–અંધશ્રધ્ધામુક્ત કર્યા છે. યુદ્ધની કટોકટીમાં અનેક વ્યક્તિઓના જીવ બચાવ્યા છે, એવા ડોકટરો છે જેમણે લાખો દર્દીઓની નિશુલ્ક સારવાર કરી છે, એવા સમાજસેવી કાર્યકર જેમણે હજારો વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરી છે, આવા અનેક ઉદાહરણો છે. ત્યારબાદ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ભારતના કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પરમ પૂજય મહંત સ્વામી મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા. મહંત સ્વામી મહારાજને પુષ્પહારોથી વધાવ્યા બાદ ઉત્સવની પૂર્ણાહુતિમાં મહાઆરતી કરવામાં આવી હતી. બાળ–કિશોર–યુવા વૃંદ દ્વારા 'કાર્યકરાણાં અભિવંદનમ્', સમર્પિતાનામ અભિવંદનમ્' શબ્દો દ્વારા નૃત્યાંજલિ પ્રસ્તુત કરવામાં આવી હતી. કાર્યક્રમના સમાપનમાં ફાયરવકર્સ અને રિસ્ટ બેન્ડસ્ સાથેની અદભુત પ્રસ્તુતિ સાથે 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ની જયના જયજયકાર સાથે આ ઐતિહાસિક અવસરના સાક્ષી બની સૌએ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

## ભાજપનાં અગ્રણી ડો. કાનાબારે મદદ કરવા આગેવાનોને અનુરોધ કર્યો

# અમરેલીનાં રત્ન કલાકારોમાં રોજગારીને લઈને ચિંતાનો માહોલ

**જિલ્લામાં ખેતી બાદ સૌથી વધુ રોજગારી આપતાં હીરા ઉદ્યોગમાં ૫૦ વર્ષમાં ન આવી તેવી મંદી આવી**

**જિલ્લાનાં હજારો રત્ન કલાકારોને તેમના પરિવારનું પાલન પોષણ કરવું મુશ્કેલ બન્યું**

**સ્થાનિકથી લઈને વૈશ્વિક પરિબળોને લઈને સુરત અને હવે અમરેલી સુધી હીરા ઉદ્યોગ મંદીમાં સપડાયો**

**સત્તા પક્ષનાં મહત્વનાં આગેવાને સંકોચ રાખ્યા વગર રત્ન કલાકારોની વ્યથા ઉજાગર કરી**

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારે જિલ્લાનાં રત્ન કલાકારોની દયનીય હાલત ઉજાગર કરીને આગેવાન સંસ્થાઓને મદદરૂપ થવા સોશ્યલ મીડિયામાં અનુરોધ કર્યો છે.



હીરા ઉદ્યોગનાં જાણકારોના મતે ડાયમંડ ઈન્ડસ્ટી છેલ્લા ૫૦ વર્ષમાં ના જોવા મળી હોય તેવી અભૂતપૂર્વ મંદીનો સામનો કરી રહ્યું છે. રશિયા-યુક્રેન યુધ્ધ, મધ્યપૂર્વના દેશોની અશાંતિ અને લેબ ગ્રોન ડાયમંડના પ્રવેશ બાદ ખરડાયેલ સેન્ટિમેન્ટ-આ બધા વૈશ્વિક પરિબળો ઓછે વત્તે અંશે આ માટે જવાબદાર હોય શકે પણ હવે તેના માઠા પરિવારોના ઓળા સુરત તેમજ સૌરાષ્ટ્ર પર ઉતરી રહ્યા છે.

હીરા પર નભતા કારીગરો અસંગઠિત ક્ષેત્રમાંથી આવતા હોવાથી કામદારો માટેની કોઈપણ જાતની સરકારની યોજનાઓથી વંચિત છે. સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારના ઓછું ભણેલા યુવાનો માટે હીરા ઉદ્યોગ ખેતી પછીની મહત્વની જીવાદોરી છે.

આજે આ બધા યુવાનો અને તેના પર નભતા પરિવારોની સ્થિતિ કફોડી બની ગઈ છે. ત્યારે વિવિધ ક્ષેત્રમાં કામ કરતી એનજીઓ, સમાજની જ્ઞાતિ સંસ્થાઓ અને સહકારી ક્ષેત્ર તેમની પડશે રહી શકય તેટલી તેમને મદદ કરે તે અતિ જરૂરી બની ગયું છે.

### કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીની રજૂઆત બાદ

## અમરેલીનાં ગાવડકાનાં પુલની રેલિંગનું રીપેરીંગ કામ શરૂ થયું

**કાર્યપાલક ઈજનેરનો આભાર માન્યો**

અમરેલી, તા. ૯

ગાવડકા ચોકડીથી ચલાલા તરફ જતાં રોડમાં દાણ ફેકટરી પાસે શેત્રુંજી નદીની ઉપર ગાવડકાનો મેજર બ્રિજ આવેલો છે. છેલ્લા ઘણા સમયથી આ બ્રિજની એક સાઈડની અડધી રેલીંગ તૂટી ગયેલ હતી. જેને લીધે ત્યાંથી પસાર થતાં વાહનચાલકોને સતત ભય સતાવી રહ્યો હતો અને ગમે ત્યારે મોટો અકસ્માત થવાની શકયતાઓ રહેલી હતી. આ બ્રિજ ઉપર રાત્રીનાં સમયે તો મોટા વાહનોમાં આંખ આંજી દે તેવી સફેદ એલઈડી લાઈટનાં કારણે નાના વાહન ચાલકોને તૂટેલી રેલીંગ પાસેથી બહુ જ ધ્યાન રાખીને પસાર થવું પડે છે. જો સહેજ પણ ચુક થઈ જાય તો નાના વાહન ચાલકો તૂટેલી રેલિંગનાં કારણે પુલ ઉપરથી નીચે પટકાતા વાર લાગે તેમ નથી અને જેને લીધે બહુ જ મોટો ગંભીર અકસ્માત સર્જાવાની શકયતાઓ રહેલી હતી. આમ વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓ તથા તેની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અને સ્થિતિની ગંભીરતા સમજીને તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરીને તાત્કાલિક ધોરણે ગાવડકા શેત્રુંજી નદી ઉપરના મેજર બ્રિજની તૂટેલી રેલીંગ રીપેરીંગ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને આ બ્રિજની તૂટેલી રેલીંગનું રીપેરીંગ કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. મુસાફરો તથા વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ બ્રિજની તૂટેલી રેલીંગનું રીપેરીંગ કામ તત્કાલ શરૂ કરાવવા બદલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીને કાર્યપાલક ઈજનેરનો આભાર વ્યકત કર્યો છે.

### વાદ નહી, વિવાદ નહી, વિકાસ સિવાય વાત નહી ના સુત્રને સાકાર કરવા

## બાબરાનાં પાનસડા ગામે બંધારાના રીપેરીંગના રૂ. ૧૭.૭૨ લાખ મંજુર

**ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા થયેલ કામગીરીને આવકાર**

બાબરા, તા. ૯

બાબરા તાલુકાના પાનસડા ગામે નાની સિંચાઈ યોજના પેટા વિભાગ લીલીયા હસ્તકના બંધારા બનાવવામાં આવેલ છે. આ બંધારા માં નાની સિંચાઈ યોજના હેઠળ રીસ્ટોરેશન કામ માટે લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળવીયાની ભારે જહેમતના કારણે રૂ.૧૭.૭૨ લાખ મંજુર કરવામાં આવેલ



છે જે આ કામ માં પાનસડા ખાતે આવેલ બંધારા માં જરૂરીયાત મુજબની તમામ રીપેરીંગ કરવા અંગેની કામગીરી કરવામાં આવનાર છે. આ બંધારાનું રીપેરીંગ કામ થયા બાદ હાલ કરતાં ખુબ જ વધારે પ્રમાણમાં વરસાદી પાણીનો સંગ્રહ થવાનો છે. જેના માટે ધારાસભ્યની રજુઆતના પગલે ગુજરાત સરકાર દ્વારા આ કામગીરી કરવા મંજુરી આપવામાં આવેલ છે. બાબરા તાલુકાના પાનસડા ગામે આવેલ આ બંધારાને રીંપેરીંગ કરી નવીનીકરણ ની કામગીરી કરવામાં આવશે આ કામ થવાથી લોકોની સુવિધામાં વધારો થશે તેમજ આજુબાજુના વિસ્તારના પાણીના તળ ઉપર આવવાની સાથે જ ખેડૂતોને ખુબજ ફાયદો પણ થશે, આ કામ મંજુર થતા પાનસડા ગામના આગેવાનો તેમજ ગામલોકો દ્વારા ધારાસભ્યનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### નાનકડા એવા ગામમાં દેશભકિતનો અનેરો માહોલ સર્જાયો

# અમરેલીનાં વડેરા ગામનો યુવક ''અગ્નિવીર''ની તાલીમ પૂર્ણ કરીને પરત આવતા ગ્રામજનો દ્વારા સન્માન

**ગામનાં સૌપ્રથમ યુવકે ''અગ્નિવીર''નું બિરૂદ્ધ મેળવ્યું**



અમરેલી, તા. ૯

અમરેલી નજીક આવેલા વડેરા ગામનો એક એક યુવાન ' અગ્નિવીર'ની તાલિમ પુર્ણ કરી વતન પરત ફરતા તેમનુ અદકેરૂ સ્વાગત કરવામાં આવ્યું હતું. નાનકડું એવુ વડેરા ગામ દેશ ભકિતના રંગે રંગાયુ હતુ.

વડેરા ગામનો સૌપ્રથમ ' અગ્નિવીર' ભૌતિક દેથળીયા આજે તાલિમ પુર્ણ કરીને વતનમાં પહોચ્યો હતો.. ભૌતિકના પરિવાર અને સમગ્ર વડેરા ગામે તેમનુ ધામધૂમથી સ્વાગત કર્યુ હતું. ભૌતિકના સ્વાગતમાં પાંચ કિલોમીટર સુધી બાઈક રેલી યોજવામાં આવી હતી. ઢોલ નગારા અને ડીજે સાથે અગ્નિવીર ભૌતિક નુ વડેરા ગામની મહિલાઓ દ્વારા સામૈયા કરવામાં આવ્યા હતા. સમગ્ર વડેરા ગામને ગૌરવ અપાવનાર ભૌતિક દેથળીયાનું ભવ્ય સ્વાગત કરતા સરપંચ ભરત હપાણીએ જણાવ્યું હતું કે ગામના યુવાનોને લશ્કરમાં જોડાવાનો જુસ્સો વધશે. અને વધુ ને વધુ યુવાનો દેશની રક્ષા માટે ભારતીય લશ્કરમાં જોડાશે.

વડેરાના ભૌતિક દેથળીયા આજે અગ્નિવીરની આકરી તાલીમ પુર્ણ કરીને વતન પરત ફરતા તેમના પરિવારજનો ભાવુક થયા હતા. સમગ્ર ગામ દ્વારા ભૌતિકનું જે ભવ્યતા થી સ્વાગત કરવામાં આવ્યું તેના કારણે સમગ્ર પરિવાર ગૌરવ અનુભવતા જણાવ્યું હતું કે ભારતીય લશ્કરમાં જોડાયેલા અમારા દિકરા માટે અમને ગૌરવ છે.

વડેરા ગામમાંથી ભૌતિક પહેલા પણ અનેક યુવાનો ભારતીય સેનામા સેવા આપી ચુકયા છે. કેટલાક યુવાનો આજે પણ સેવા આપી રહ્યા છે. પરંતુ અગ્નિવીર તરિકે ભૌતિક વડેરા ગામનો પ્રથમ યુવાન છે. વડેરા ગામે યોજાયેલ આ કાર્યક્રમમાં જીતુભાઈ ડેર, રાવતભાઈ કામળીયા, મહુવા માર્કેટીંગ યાર્ડના ચેરમેન ગભરૂભાઈ કામળીયા, રામભાઈ દેથળીયા, વિહાભાઈ દેથળીયા , ભુપતભાઈ દેથળીયા, પ્રવિણભાઈ માંગરોળીયા, વડેરા ગામના સરપંચ ભરતભાઈ હપાણી, મુકુંદભાઈ મહેતા, મહેશભાઈ દેથળીયા, વિરાભાઈ ગરણીયા, કમલેશભાઈ દેથળીયા, વર્ષિલ મોવલીયા તેમજ મનિષ ભંડેરી સહિતના આગેવાનો તેમજ સમસ્ત વડેરાના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



















### ટીએમસી અને સપાએ આપ્યું સમર્થન

# સભાપતિ જગદીપ ધનખડ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવશે કોંગ્રેસ

## સોમવારે રાજ્યસભામાં જ્યોર્જ સોરોસના મુદ્દે હોબાળા દરમિયાન ધનખડના વલણને જોતા કોંગ્રેસે તેમની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારીમાં

નવી દિલ્હી, તા.૯

સંસદના ચાલુ શિયાળુ સત્રમાં બંને ગૃહમાં રાજકીય તાપમાન ઘણું ઊંચુ રહ્યું હતું. હવે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધન રાજ્યસભાના ચેરમેન જગદીપ ધનખડને દૂર કરવા અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહી છે. ચેરમેન જગદીપ ધનખડની સામે વિપક્ષી ગઠબંધન એકજૂટ થઈ ગયું છે. જેમાં સમાજવાદી પાર્ટી તેમજ તૃણમૂલ કોંગ્રેસે પણ અવિશ્વાસ પ્રસ્તાવના પક્ષમાં હોવાનું જણાવવામાં આવી રહ્યાં છે.

થોડા દિવસો પહેલાં ઈન્ડિયા ગઠબંધનથી દૂર રહેતી પાર્ટી ટીએમસી અને સપાના સાંસદોએ પણ અવિશ્વાસ પ્રસ્તાવ પર સહી કરી દીધી છે. મળતી માહિતી મુજબ, વિપક્ષી પાર્ટીઓએ મંગળવારે રાજ્યસભામાં ચેરમેનની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકાય છે. આ અવિશ્વાસ પ્રસ્તાવ તૈયાર છે અને તેના પર ૭૦ સભ્યોએ સહી પણ કરી દીધી છે.

જણાવવામાં આવી રહ્યું છે કે, સોમવારે રાજ્યસભામાં જ્યોર્જ સોરોસના મુદ્દે હોબાળા દરમિયાન ચેરમેન જગદીપ ધનખડના વલણને જોતા કોંગ્રેસે તેમની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારીમાં છે. સોમવારે જોર્જ સોરોસ સાથે જોડાયેલા મુદ્દા પર જે પ્રકારે રાજ્યસભામાં હોબાળો થયો, તેને લઈને કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પાર્ટીઓના સભ્ય ચેરમેન જગદીપ ધનખડથી નારાજ જણાવવામાં આવી રહ્યા છે.

ગૃહમાં હોબાળા દરમિયાન પણ દિગ્વિજય સિંહથી લઈને રાજીવ શુક્લા સુધી, કોંગ્રેસ સાંસદોએ ચેરમેન પર પક્ષપાતનો આરોપ લગાવતા સવાલ કર્યો કે, કયા નિયમ હેઠળ તેઓએ ચર્ચા ચાલૂ કરી છે. વિપક્ષી સભ્યોએ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો કે, ચેરમેન ભાજપ સભ્યોના નામ લઈ-લઈને તેમને બોલવા માટે કહી રહ્યા છે. નોંધનીય છે કે, રાજ્યસભાના ચેરમેનને દૂર કરવા માટે પ્રસ્તાવમાં ૫૦ સભ્યોની સહી હોવી જરૂરી છે. ચેરમેન ધનખડની સામે પ્રસ્તાવ પર ૭૦ સભ્યોએ સહી કરી દીધી છે. વિપક્ષની તરફથી ચેરમેનને દૂર કરવા માટે પ્રસ્તાવ લાવવાની ચર્ચા સંસદના ગત ચોમાસું સત્ર દરમિયાન પણ થઈ હતી.

રાજ્યસભાના ચેરમેનને પોતાના પદથી દૂર કરવા માટે ઓછામાં ઓછા ૫૦ સભ્યોની સહી સાથે પ્રસ્તાવ સચિવાલયને મોકલવાનો હોય છે. ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલાં આપવામાં આવેલી આ નોટિસ બાદ રાજ્યસભામાં હાજર સભ્યોની બહુમતીના આધારે પ્રસ્તાવ પસાર થયા બાદ લોકસભામાં મોકલવાનો હોય છે. રાજ્ય સભાના ચેરમેન દેશના ઉપરાષ્ટ્રપતિ પણ છે, જે બીજું સર્વોચ્ચ બંધારણીય પદ છે. એવામાં તેમને પદથી દૂર કરવા માટે જરૂરી પ્રસ્તાવ લોકસભામાંથી પણ બહુમતીથી પાસ કરવાનો હોય છે. જણાવી દઈએ કે, સંસદનું શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે.

સદનમાં હોબાળા દરમ્યાન પણ દિગ્વિજય સિંહથી લઈને રાજીવ શુકલા સુધી, કોંગ્રેસ સાંસદોએ સભાપતિ પર પક્ષપાતનો આરોપ લગાવતા સવાલ કર્યો કે કયા નિયમ અંતર્ગત તેમને ચર્ચા ચાલૂ કરી છે. વિપક્ષી સભ્યોએ આ વાત પર પણ વાંધો ઉઠાવ્યો કે, સભાપતિ ભાજપના સભ્યોના નામ લઈ લઈને તેમને બોલવા માટે કહી રહ્યા છે.

### જૂનાગઢના કેશોદના ભંડુરિયા ગામ નજીક અકસ્માત

# બે કાર વચ્ચે ટક્કરમાં ૫ વિદ્યાર્થીઓ સહિત ૭ લોકોના કરૂણ મોત થયા

## બે કારની ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુના ઝૂંપડામાં આગ લાગી : ગંભીર અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઈ

જુનાગઢ, તા.૯

રાજ્યમાં સતત રોજ રોડ અકસ્માતોમાં વધારો થઈ રહ્યો છે. આજે વહેલી સવારે જૂનાગઢના માળિયા હાટીના નજીક આવેલા ભંડુરી પાસે બે કાર વચ્ચે અકસ્માત સર્જાતાં સાત લોકોનાં મોત નિપજ્યાં છે. આ ગંભીર અકસ્માતમાં ૭ મૃતકમાં પાંચ વિદ્યાર્થીનો સમાવેશ છે. જે પરીક્ષા આપવા જતા હતા. બે કારની ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુના ઝૂંપડામાં પણ આગ લાગી હતી. ગંભીર અકસ્માતની આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ છે. અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, જૂનાગઢ-વેરાવળ હાઈવે માળિયા હાટીના પાસે આવેલા ભંડુરી ગામ પાસે આજે સવારે આઠા વાગ્યાના અરસામાં બે કાર વચ્ચે વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી. જેમાં પરીક્ષા આપવા જતા પાંચ વિદ્યાર્થીા સહિત કુલ સાત લોકોનાં મોત થયાં હતા. બે કારની વચ્ચે ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુમાં રહેલા ઝૂંપડામાં પણ આગ લાગી હતી.

મૃતકોના નામ

રાજુભાઈ કાનજીભાઈ ખુટણ (ઉંમર વર્ષ ૪૦, ડાભોર-વેરાવળ)

વિનુભાઈ દેવશીભાઈ વાળા (ઉંમર વર્ષ ૩૫, જાનુડા ગામ)

વિક્રમભાઈ કુવાડીયા (ઉંમર વર્ષ ૨૫, માણેકવાડા ગામ)

વજુભાઈ કરસનભાઈ રાઠોડ ઉંમર ૬૦ જૂનાગઢ)

ધરમ વિજયભાઈ ધરાદેવ (જૂનાગઢ)

અક્ષત સમીરભાઈ દવે (રાજકોટ)

ઓમ રજનીકાંતભાઈ મુગરા (રાજકોટ) અકસ્માતની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હાઈવે પર વહેલી સવારે બે કારની ટક્કર થતાં આજુબાજુના લોકો એકઠા થયા હતા અને બચાવ કામગીરી સાથે પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસકાફલા સાથે ૧૦૮ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ફાયરની ટીમે ઝૂંપડામાં લાગેલીા આગ પર કાબૂ મેળવ્યો હતો. જ્યારે પોલીસે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માત કંઈા રીતે થયો એની આગળની તપાસ હાથ ધરી છે. બંને કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ગંભીર આકસ્માતના સામે આવેલા સીસીટીવીમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે એક કાર બ્રિજ તરફથી જઈ રહી છે. જ્યારે સામેથી આવતી બીજી કાર કોઈ કારણોસર ડિવાયડર કૂદીને બ્રિજ તરફથી જતી કારનો સામેથી ટક્કર મારે છે. ટક્કર એટલી ભયંકર છે કે બંને કારનો કચ્ચરઘાણ વળી ગયો છે. સાતેય મૃતદેહ માળિયા ખાતે પીએમ અર્થે ખસેડાયા છે. આ અંગે **DVSP** દિનેશ કોડિયાતારએ જણાવ્યું હતું કે, આજે વહેલી સવારે આઠ વાગ્યાની આસપાસા માળિયાના ભંડુરી ગામ પાસે બે કાર વચ્ચે ટક્કર થઈ હતી. જેમાં સાત લોકોનાં મોત થયાં છે. હાલ સાતેય મૃતદેહો માળિયાની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે અને અકસ્માત કંઈ રીતે થોય એની આગળની તપાસ ચાલુ છે. આ અંગે સ્થળ પર સૌથી પહેલા પહોંચેલા ભંડરી ગામના વતની દિલીપસિંહ સિસોદિયાએ જણાવ્યું હતું કે સવારે આઠ વાગ્યાના આસપાસ આ અકસ્માત થયો હતો. હું નજીકની હોટલ પર જ હતો. ત્યારે અચાનક અવાજ આવતાં અમે દોડી આવ્યાા હતા. આ અકસ્માતમાં સાત લોકોનાં મોત થયાં છે, જેમાં પાંચ વિદ્યાર્થી છે. જે કેશોદની આજુબાજુના ગામના છે અને ગડુ મુકામે પરીક્ષા આપવા જતા હતા. જ્યારે બે મૃતક જાનુડા ગામના છે. સાતેયને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે.

### ખેડૂત આંદોલન ઉગ્ર બનવાના એંધાણ

# ખેડૂતો મંગળવારે દિલ્હી કૂચ નહીં કરે, રણનીતિ ઘડાશે : પંઢેર

## જે રીતે ખેડૂતો પર અત્યાચાર થઈ રહ્યો છે અને મહિલા પત્રકારોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે તે નિંદનીય છે

નવી દિલ્હી, તા.૯

પંજાબ-હરિયાણાના શંભુ બોર્ડર પર ખેડૂતો પોતાની માંગણીઓને લઈ ઉગ્ર દેખાવો કરી રહ્યા છે. ખેડૂતો બોર્ડર પર શુક્રવારથી દેખાવો-પ્રદર્શનો સાથે દિલ્હી કૂચ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અહીં રવિવારે પણ ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસનો કાફલો પણ તેમને દિલ્હી જતા અટકાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. આ તમામ ઘટના વચ્ચે ખેડૂત નેતા સરવણ સિંહ પંઢેરે મોટી જાહેરાત કરી છે.

કિસાન મજદૂર મોરચાના પ્રમુખ સરવણ સિંહ પંઢેરે કહ્યું કે, 'શંભુ બોર્ડર પર બેઠેલા ખેડૂતો મંગળવારે દિલ્હી કૂચ નહીં કરે. આવતીકાલે આંદોલન અંગે રણનીતિ ઘડવામાં આવશે. જે રીતે ખેડૂતો પર અત્યાચાર થઈ રહ્યો છે અને મહિલા પત્રકારોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે તે નિંદનીય છે. અમે આવતીકાલે વધુ ચર્ચા કરીશું.' ખેડૂતોએ શુક્રવારે અને રવિવારે દિલ્હી જવાનો પ્રયાસ કર્યો હતો, જોકે હરિયાણા પોલીસે તેમના બંને પ્રયાસો નિષ્ફળ બનાવ્યા છે અને આગળ જતા અટકાવ્યા છે. બીજીતરફ સુપ્રીમ કોર્ટમાં સોમવારે આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં કોર્ટે અરજદારની અરજી નામંજૂર કરી દીધી છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ મનમોહનની બેંચે કહ્યું કે, 'આ મામલો પહેલાથી જ વિચારણા હેઠળ છે.

એક જ કેસની અરજી પર વારંવાર વિચારણા ન કરી શકાય. અરજીમાં માંગ કરાઈ છે કે, કેન્દ્ર સરકાર અને સત્તાવાળાઓ દ્વારા પંજાબના જે માર્ગો પર અવરોધ ઉભો કરાયો છે, તેને હટાવવાનો આદેશ આપવામાં આવે. બેંચે અરજદાર ગૌરવ લૂથરાને કહ્યું કે, 'તમે વારંવાર અરજી દાખલ ન કરો. કોર્ટે અરજીને પેન્ડિંગ કેસ સાથે જોડવાનો પણ અરજદારને ઈન્કાર કરી દીધો છે.' સરવણ સિંહ પંઢેર આજે ખનૌરી બોર્ડર પર જગજીત ડલ્લેવાલની હાલત જાણવા માટે જવાના છે. ડીઆઈજી મનદીપ સિંહ સિદ્ધુ પણ ખનૌરી જવાના છે. અહીં ડલ્લેવાલના આરોગ્ય અંગે વાતચીત કરવામાં આવશે. બીજીતરફ ખેડૂત આંદોલન મુદ્દે પંજાબમાં રાજકારણ ગરમાયું છે. પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ અમરિંદર સિંહ રાજા વડિંગે કહ્યું કે, 'ખેડૂતો માત્ર એટલી માંગ કરી રહ્યા છે કે, એમએસપી પર કાયદાકીટ ગેરંટી ન આપવામાં આવે. પરંતુ કેન્દ્ર સરકારનો વ્યવહાર યોગ્ય નથી. ખેડૂતો પર લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે. તેમને દિલ્હી જવા દેવામાં આવતા નથી. રાહુલ ગાંધીએ પણ સ્જીઁ પર કાનૂની ગેરંટીનો મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું છે કે, અમને તક મળશે તો અમે સંસદમાં શૂન્યકાળ અથવા પ્રશ્નકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવીશું.

### યાદીમાં કુલ ૨૦ નામ : ૨૦ સીટો પર નવા ચહેરા છે

# દિલ્હી આમ આદમી પાર્ટીના ઉમેદવારની બીજી યાદી જાહેર

## અત્યાર સુધી પાર્ટીએ ૩૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા

નવી દિલ્હી, તા. ૯

આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આ યાદીમાં કુલ ૨૦ નામ છે. તમામ ૨૦ સીટો પર નવા ચહેરા છે. પાર્ટીએ ૨૧ નવેમ્બરે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી, જેમાં ૧૧ નામ હતા. અત્યાર સુધી આમ આદમી પાર્ટીએ કુલ ૩૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણી આવતા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં યોજાઈ શકે છે. ચૂંટણી પંચે હજુ ચૂંટણીની તારીખો જાહેર કરી નથી, પરંતુ આમ આદમી પાર્ટીએ પૂરા જોરશોરથી ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. દિલ્હીમાં છેલ્લા ૧૦ વર્ષથી આમ આદમી પાર્ટી સત્તામાં છે અને કેજરીવાલ જીતની હેટ્રિક ફટકારવા માટે પોતાનું સર્વસ્વ આપી રહ્યા છે.

આમ આદમી પાર્ટીની બીજી યાદીમાં સૌથી મહત્વની વાત એ છે કે મનીષ સિસોદિયાની સીટ બદલવામાં આવી છે. અત્યાર સુધી તેઓ પટપરગંજ વિધાનસભાથી ચૂંટણી લડતા હતા અને જીતતા પણ હતા, પરંતુ આ વખતે તેઓ જંગપુરાથી ચૂંટણી લડી રહ્યા છે.

પટપરગંજ સીટ પરથી સિસોદિયાની જગ્યાએ યુટ્યુબર અને શિક્ષક અવધ ઓઝાને ટિકિટ આપવામાં આવી છે. અવધ ઓઝા તાજેતરમાં આમ આદમી પાર્ટીનો ભાગ બન્યા છે.આ ઉપરાંત આદિલ અહેમદ ખાનને મુસ્તફાબાદથી ટિકિટ આપવામાં આવી છે. ધારાસભ્ય હાજી યુનુસની ટિકિટ રદ્દ કરવામાં આવી છે. ચાંદની ચોક વિધાનસભાના ધારાસભ્ય પ્રહલાદ સિંહ સાહનીના પુત્ર પુરનદીપ સિંહ સાહનીને ટિકિટ આપવામાં આવી છે. કૃષ્ણા નગરના ધારાસભ્ય એસકે બગ્ગાના પુત્ર વિકાસ બગ્ગાને ટિકિટ આપવામાં આવી છે. દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ રામનિવાસ ગોયલના સ્થાને જીતેન્દ્ર સિંહ શાંતિને ટિકિટ આપવામાં આવી છે.

### કેન્દ્ર સરકારે સંસદમાં સ્પષ્ટતા કરી

# ૮મા પગાર પંચની રચનાને લઈને કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી

## નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ આ વાત સંસદમાં કહી

નવી દિલ્હી, તા.૯

કેન્દ્ર સરકારે સંસદમાં સ્પષ્ટતા કરી છે કે ૮મા પગાર પંચની રચના અંગે કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, "હાલમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ૮મા કેન્દ્રીય પગાર પંચની રચના માટે સરકાર પાસે કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી." આ જવાબ રાજ્યસભાના સાંસદો જાવેદ અલી ખાન અને રામજી લાલ સુમનના પ્રશ્ન પર આપવામાં આવ્યો, જેમણે આગામી બજેટ સત્રમાં ૮મા પગાર પંચની જાહેરાત અંગે પૂછ્યું હતું.સરકારના આ જવાબથી તે કર્મચારીઓ અને પેન્શનરોની આશા પર ફટકો પડ્યો છે જેઓ લાંબા સમયથી પગાર અને પેન્શન વધારાની માંગ કરી રહ્યા હતા. ૭મા પગાર પંચની ભલામણો જાન્યુઆરી ૨૦૧૬થી અમલમાં આવી હતી અને ત્યારથી નવા પંચની રચના કરવામાં આવી નથી.

કર્મચારી સંગઠનોનું કહેવું છે કે ૧૦ વર્ષના અંતરાલમાં પગાર પંચની રચના સામાન્ય પ્રક્રિયા છે. ૭મા પગાર પંચની રચના ફેબ્રુઆરી ૨૦૧૪માં કરવામાં આવી હતી. તે મુજબ અત્યાર સુધીમાં ૮મા પગાર પંચની જાહેરાત થઈ જવી જોઈતી હતી.નેશનલ જોઈન્ટ કન્સલ્ટેટિવ કાઉન્સિલ (NC-JCM)ના સેક્રેટરી શિવ ગોપાલ મિશ્રાએ ગયા મહિને મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે, "૮મા પગાર પંચની રચનામાં વિલંબ કરવાનું કોઈ કારણ નથી. અમે સરકાર સમક્ષ આ માંગ ઘણી વખત ઉઠાવી છે. નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં નાણા સચિવ સાથેની બેઠક દરમિયાન પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો."

મિશ્રાએ આશા વ્યકત કરી છે કે ડિસેમ્બરમાં યોજાનારી NC-JCM બેઠકમાં આ અંગે થોડી સ્પષ્ટતા થશે. આ બેઠકમાં સરકાર અને કર્મચારી સંગઠનો વચ્ચે વાતચીત દ્વારા વિવાદોનો ઉકેલ લાવવામાં આવે છે. નોંધનીય છે કે પગાર પંચની ભલામણો લાગુ કરવાથી સરકારી તિજોરી પર ભારે નાણાકીય દબાણ આવે છે. ઉદાહરણ તરીકે, ૭મા પગાર પંચની ભલામણોના પરિણામે નાણાકીય વર્ષ ૨૦૧૭માં રૂ. ૧.૦૨ લાખ કરોડનો બોજ પડ્યો હતો. કર્મચારી સંગઠનોને આશા છે કે સરકાર તેમની માંગણીઓ પર વિચાર કરશે અને ટૂંક સમયમાં નક્કર નિર્ણય લેવામાં આવશે.

નાણાકીય નિષ્ણાતો માને છે કે પગાર પંચની સમયસર રચના માત્ર કર્મચારીઓ માટે જરૂરી નથી, પરંતુ તે દેશની આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન આપે છે. જ્યારે કર્મચારીઓની ખરીદ શક્તિ વધે છે, ત્યારે તેઓ વધુ ખર્ચ કરે છે, જેનાથી બજારમાં માંગ વધે છે.

### ૧૧ ડિસેમ્બરે સંભાળશે પદભાર

# આરબીઆઈના નવા ગવર્નર પદે સંજય મલ્હોત્રાની નિમણૂક

## આરબીઆઈના વર્તમાન ગવર્નર શક્તિકાંત દાસનો કાર્યકાળ આવતીકાલે સમાપ્ત થઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૯

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નવા ગવર્નર પદે રેવેન્યુ સેક્રેટરી સંજય મલ્હોત્રાની નિમણૂક કરવામાં આવી છે. કેબિનેટની કમિટી દ્વારા મલ્હોત્રાની આરબીઆઈના ગવર્નર તરીકે નિમણૂક કરવામાં આવી છે. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪થી તેઓ આગામી ત્રણ વર્ષ માટે કાર્યભાર સંભાળશે.RBIના વર્તમાન ગવર્નર શક્તિકાંત દાસનો કાર્યકાળ આવતીકાલે સમાપ્ત થઈ રહ્યો છે. અગાઉ શક્તિકાંત દાસનો કાર્યકાળ લંબાવવાના અહેવાલો મળ્યા હતા. પરંતુ કેબિનેટની કમિટીમાં સંપૂર્ણ બહુમતિ સાથે સંજય મલ્હોત્રાને આ પદભાર સોંપવા નિર્ણય લેવામાં આવ્યો છે. RBIના નવા ગવર્નર તરીકે, મલ્હોત્રાએ ફુગાવાને નિયંત્રિત કરવા અને સ્થિર આર્થિક વૃદ્ધિ સુનિશ્ચિત કરતાં બેવડા પડકારનો સામનો કરવો પડશે. આગામી ત્રણ વર્ષીય કાર્યકાળમાં રાજકોષિય નીતિ નિર્માણ, કર વહીવટ અને નાણાકીય સેવાઓમાં તેમનો અનુભવ વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતની નાણાકીય નીતિઓને આકાર આપે તેવી અપેક્ષા છે.નાણા મંત્રાલયમાં રેવેન્યુ સેક્રેટરી તરીકે હાલ ફરજ બજાવતા સંજય મલ્હોત્રા પાસે નાણાં, ટેક્સ, પાવર, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને માઈનિંગ ક્ષેત્રોમાં બહોળો ૩૩ વર્ષનો અનુભવ છે. આઈઆઈટી કાનપુરમાંથી કોમ્પ્યુટર સાયન્સમાં એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ મલ્હોત્રાએ અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી પબ્લિક પોલિસીમાં માસ્ટર ડિગ્રી હાંસલ કરી હતી. તેઓએ રાજ્ય અને કેન્દ્ર સરકારમાં વિવિધ ક્ષેત્રોમાં પોલિસી ઘડવા સાથે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

### સ્પીકર પદ માટે કોઈએ ઉમેદવારી નોંધાવી ન હતી

# મહારાષ્ટ્ર વિધાનસભાના નવા સ્પીકર તરીકે રાહુલ નાર્વેકરને પસંદ કરાયા

## રાહુલ નાર્વેકર મહારાષ્ટ્રની કોલાબા વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય છે : આ વિધાનસભા મતવિસ્તાર મુંબઈનો ભાગ છે

મુંબઈ, તા. ૯

રાહુલ નાર્વેકરને મહારાષ્ટ્ર વિધાનસભાના નવા સ્પીકર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ આજે સોમવારે બિનહરીફ ચૂંટણીમાં મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર તરીકે ચૂંટાયા છે. તેમના સિવાય સ્પીકર પદ માટે કોઈએ ઉમેદવારી નોંધાવી ન હતી. આવી સ્થિતિમાં તેમની પસંદગી બિનહરીફ થઈ હતી. તેમણે રવિવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, બંને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવારની સાથે સ્પીકર પદ માટે નામાંકન દાખલ કર્યું હતું. આ સમયે ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ હાજર હતા. મહારાષ્ટ્ર BJP અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે અને ચંદ્રકાંત પાટીલ પણ સ્થળ પર હાજર હતા. મહાવિકાસ આઘાડીના કોઈપણ ધારાસભ્યએ સ્પીકર પદ માટે ઉમેદવારી નોંધાવી ન હતી. સ્પીકર હંમેશા બહુમતી ધરાવતા પક્ષમાંથી ચૂંટાય છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં મહાયુતિ ગઠબંધનને પ્રચંડ બહુમતી મળી છે. આ કારણોસર, આ ગઠબંધનની સરકાર બનાવવામાં આવી છે અને હવે આ ગઠબંધનના નેતાને સ્પીકર તરીકે પણ પસંદ કરવામાં આવ્યા છે. રાહુલ નાર્વેકર મહારાષ્ટ્રની કોલાબા વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય છે. આ વિધાનસભા મતવિસ્તાર મુંબઈનો ભાગ છે.

રાહુલ અગાઉ શિવસેનાનો હિસ્સો હતા, પરંતુ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં તેમને ટિકિટ ન મળી અને તેઓ NCPમાં જોડાયા. જો કે, NCPની ટિકિટ પર તેમને માવલ બેઠક પરથી હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ આ બાદ પણ તેઓ પાર્ટી સાથે જોડાયેલા રહ્યા હતા. હવે તેમને સ્પીકરનું મહત્ત્વનું પદ આપવામાં આવ્યું છે. પ્રોટેમ સ્પીકર કાલિદાસ કોલંબકરે તેમને મહારાષ્ટ્ર એસેમ્બલીના સ્પીકર તરીકે નિયુક્ત કર્યા, કારણ કે તેમની સામે અન્ય કોઈ નેતાએ ઉમેદવારી નોંધાવી ન હતી. રાહુલ નાર્વેકરના પિતા પણ કોલાબાના મ્યુનિસિપલ કાઉન્સિલર હતા.

લગભગ અઢી વર્ષ સુધી ૧૪મી વિધાનસભાના સ્પીકર રહેલા ભાજપના નેતા રાહુલ નાર્વેકર ૨૦ નવેમ્બરે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં મુંબઈની કોલાબા વિધાનસભા બેઠક પરથી ફરીથી ચૂંટાયા છે. વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી બાદ નવી સરકારે ગૃહમાં બહુમતી સાબિત કરવી પડશે.

આ પછી રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન રાજ્ય વિધાનસભાના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધિત કરશે. મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ તરીકેના તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન, રાહુલ નાર્વેકરે ચુકાદો આપ્યો હતો કે બાળ ઠાકરે દ્વારા સ્થાપિત પક્ષમાં વિભાજન પછી એકનાથ શિંદેની આગેવાની હેઠળની પાર્ટી "વાસ્તવિક શિવસેના" છે. તેમણે એ પણ ચુકાદો આપ્યો હતો કે, અજિત પવારની આગેવાની હેઠળનું ગ્રુપ વાસ્તવિક રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) છે, જેની સ્થાપના શરદ પવાર દ્વારા કરવામાં આવી હતી.

# કેદારનાથ અને બદ્રીનાથમાં ભારે બરફ વર્ષા થઈ રહી છે

શિમલા, તા. ૯

કેદારનાથ-બદ્રીનાથમાં બરફવર્ષા થઈ છે. શિમલાથી લઈ ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના અનેક શહેરોમમાં સીઝનની પ્રથમ બરફવર્ષા થઈ છે. પહાડી વિસ્તારોમાં સફેદ ચાદર છવાઈ ગઈ છે. સડકથી લઈ વૃક્ષો, ઘર-મકાન તમામ જગ્યા બરફથી ઢંકાઈ ગઈ હોવાના કારણે મનમોહક દ્રશ્ય લાગી રહ્યું છે. કેદારનાથમાં બરફવર્ષાની પ્રથમ તસવીર સામે આવી છે. જેમાં કેદારનાથ મંદિર પૂરી રીતે બરફની ચાદરથી ઢંકાઈ ગયું છે. પહાડ પર બરફવર્ષાની અસર આગામી દિવસોમાં મેદાની વિસ્તારમાં જોવા મળશે. ઠંડી વધવાની સાથે પારો વધુ ગગડવાની સંભાવના છે.ચમોલી, ઔલી, જોશીમઠ, બદ્રીનાથ સહિત તમામ ઊંચાઈવાળા વિસ્તારોમાં સીઝનની પ્રથમ બરફ વર્ષા થતાં પ્રવાસીઓ ખુશ થઈ ગયા છે. ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં બે થી ચાર ઈંચ સુધી બરફવર્ષા થઈ છે. કેદારનાથ ધામમાં ભારે બરફવર્ષા બાદ ત્યાં ચાલતા કામ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. ઊંચાઈ પર બરફવર્ષાથી નીચેના વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાવાના કારણ કડકડતી ઠંડીનો અનુભવ પણ થશે.હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં કોલ્ડ વેવની આગાહી કરી છે. હિમાચલ પ્રદેશમાં થયેલી બરફવર્ષા બાદ સડક પર બરફની ચાદર છવાઈ ગઈ છે. ગંગોત્રી ધામમાં પણ બરફના થર જામી ગયા છે.શિમલામાં પણ સીઝનની પ્રથમ બરફવર્ષા થતાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો.

### પાણીપતથી બીમા સખી યોજનાની શરૂઆત કરાવી

# વડાપ્રધાન મોદીએ બીમા સખી યોજનાની કરાવી શરુઆત


## આ યોજના દેશભરમાં ૧૮-૭૦ વર્ષની વય જૂથની ૧ લાખ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા શરૂ કરવામાં આવી

પાણીપત, તા.૯

પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ આજે પાણીપતથી બીમા સખી યોજનાની શરૂઆત કરાવી. આ યોજના દેશભરમાં ૧૮-૭૦ વર્ષની વય જૂથની ૧ લાખ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં ૧૦ પાસ મહિલાઓને LIC એજન્ટ તરીકે તાલીમ આપવામાં આવશે અને તેમને પ્રથમ વર્ષમાં ૭૦૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. બીજા વર્ષે ૬,૦૦૦ રૂપિયા અને ત્રીજા વર્ષે ૫,૦૦૦ રૂપિયાનું માસિક સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. આ યોજનાનો ઉદ્દેશ્ય મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન [redacted].સરકારે બીમા સખી [redacted] ૧૦૦ કરોડ રૂપિયાનું [redacted]ા આપ્યું છે. આ યોજનાનો [redacted]ઓમાં નાણાકીય સાક્ષરતા [redacted]ને તેમને આત્મનિર્ભર [redacted]. બીમા સખી યોજનાનો [redacted]ય ગ્રામીણ મહિલાઓને [redacted]ો અને નિશ્ચિત આવક સુનિશ્ચિત કરવાનો છે. આ સાથે, ગ્રામીણ વસ્તી જ્યાં રોજગારના વિકલ્પો મર્યાદિત છે તેઓ વધુ સારું જીવન મેળવી શકશે. મહિલાઓને આર્થિક રીતે સાક્ષર અને મજબૂત બનાવવા માટે બીમા સખી યોજના હેઠળ ત્રણ વર્ષ માટે વિશેષ તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત મહિલાઓને ત્રણ વર્ષ માટે સ્ટાઈપેનન્ડ પણ આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે ટ્રેનિંગ પછી ૧૦મી પાસ મહિલાઓ એલઆઈસી એજન્ટ તરીકે કામ કરશે. સ્નાતક બીમા સખીઓને પણ એલઆઈસીમાં વિકાસ અધિકારીની ભૂમિકામાં કામ કરવાની તક મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બીમા સખીઓને નિમણૂક પ્રમાણપત્રનું વિતરણ પણ કરશે. આ યોજનાનું નામ બીમા સખી યોજના છે. એટલે કે આમાં મહિલાઓને વીમા સંબંધિત કામ માટે સક્ષમ બનાવવામાં આવશે. આ યોજના દ્વારા, મહિલાઓને ભારતીય જીવન વીમા નિગમની બીમા સખી તરીકે નિયુક્ત કરવામાં આવશે એટલે કે તેમને LICના એજન્ટ બનાવવામાં આવશે. આ યોજનામાં જોડાયા બાદ મહિલાઓ લોકોનો વીમો કરાવી શકશે. સરકારની આ યોજનાથી ગ્રામીણ વિસ્તારોમાં રહેતી મહિલાઓને ઘણો ફાયદો થશે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ માટે નોકરી અને રોજગારીની તકો સામાન્ય રીતે ઘણી ઓછી હોય છે. આવી સ્થિતિમાં સરકારની આ યોજના આ મહિલાઓને આત્મનિર્ભર બનવાની તક આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯ ડિસેમ્બરે હરિયાણાના પાણીપતથી આ યોજનાની શરૂઆત કરશે.બીમા સખી યોજના હેઠળ મહિલાઓને ૭,૦૦૦ થી ૨૧,૦૦૦ રૂપિયા સુધી દર મહિને આપવામાં આવશે. યોજનાની શરૂઆતમાં મહિલાઓને દર મહિને ૭,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. બીજા વર્ષે આ રકમ ૧,૦૦૦ રૂપિયા ઓછી કરીને ૬,૦૦૦ રૂપિયા કરવામાં આવશે. ત્રીજા વર્ષે ૫,૦૦૦ રૂપિયા દર મહિને આપવામાં આવશે. સાથે જ મહિલાઓને ૨૧,૦૦૦ રૂપિયાનું અલગ યોગદાન પણ આપવામાં આવશે.

# ધૂડશિયા ખાતે શ્રીમદ્ દેવીભાગવત્ સપ્તાહમાં સાધુ સંતો ઉપસ્થિત રહયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

ગોંડલતાલુકાનાધુડશિયા ખાતે સમસ્ત બસીયા કાઠી રાજવી ગિરાસદાર પરિવાર દ્વારા કુળદેવી શ્રી ચામુંડા માતાજી ના સાનિધ્યમાં ભવ્ય અને દિવ્ય શ્રીમદ્ દેવિભાગવત કથા જ્ઞાનયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું છે. કથાના વ્યાસપીઠે પરમ પૂજય કનકેશ્વરી માતાજી બિરાજી કથાનું રસપાન કરાવી રહ્યા છે. અહીં આયોજિત શ્રીમદ્ દેવિભાગવતના સાતમા દિવસે દિવસે અનેક સાધુ સંતો ને રાજકીય આગેવાનો પધાર્યા હતા બસીયા પરીવાર ના આગેવાનો દ્વારા આવેલા સાધુ સંતોને રાજકીય આગેવાનો નું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતુ કથા દરમ્યાન દરરોજ બહોળી સંખ્યા મા આજુબાજુ ગામના લોકો કથાનું શ્રવણ કરવા આવે છે આજે બહોળી સંખ્યા મા માતાઓ, વડીલો, આગેવાનો ઉપસ્થિત રહયા હતા આજે કથા ના સાતમા દિવસે અંદાજીત ૮૦૦૦ લોકો એ મહાપ્રસાદ લીધો હતો ને કથાનું શ્રવણ કર્યુ હતું આજુબાજુ વિસ્તાર ના ગામો મા સુલતાનપુર, વિંજીવડ, નાના સખપુર, મોટા સખપુર, સાથળી તેમજ ૨૦ કિલોમીટર ના અંતર ના ગામના લોકો કથા નું શ્રવણ કરવા આવી રહયા છે ધુડશીયા ગામમા દિવાળી જેવો અનેરો માહોલ જોવા મળે છે. કથા ના છઠા દિવસે ૮૦ સંતો પધાર્યા હતા ને કથાનું શ્રવણ કર્યુ હતું તેમજ સાતમા દિવસે રાજકીય આગેવાનો ને સંતો ને કથાકારો પધાર્યા હતા જેમાં પરસોતમભાઇ રૂપાલા, કરશનદાસ બાપુ પરબધામ, આઈ શ્રી દેવલમાં બલિયાવાડ, બટુકઅદા દેરડી, કૌશિકભાઈ ભટ્ટ, આત્માનંદ સરસ્વતી બોટાદ, સાદરીબાપુ મેઘા પીપળીયા, દિનેશગીરીબાપુ સુલતાનપુર, ભરતભાઈ શાસ્ત્રીજી ધારી, તેમજ સાતમા દિવસે સંતોમા ગોરાબાપુ નાગધ્રા, માતાજી કલ્યાદાસજી રફાળીયા રાઘવદાસબાપુ રાજકોટ, આઈ સોનલમાં વરસડા, આઈ ભગવતીમા અમરેલી, માહેશ્વરી માતાજી સુખપુર, મહંત ગીતાબા મોણપર, ભરતબાપુ ધજાળા, મહંત પીતામ્બરપુરી સુરત, ખેતલાદાદા મહંત સાથળી, સદાનંદબાપુ ચાંપરડા, કિશનપુરી બાપુ મોવિયા, હનુમાનદાસ બાપુ લીલાખા, આઈ તારામાં ચુડા, આઈ કંચનમા મઠડા, ગીરીશદાદા સાથળી મોટી આવેલા સાધુ સંતો ને કથાકારો નું બસીયા પરીવાર આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કથા ના સાતમા દિવસે રાજકીય આગેવાનોમા અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા લાઠી, ધારાસભ્ય મહેન્દ્રભાઈ કસવાળા સાવરકુંડલા, ધારાસભ્ય જે. વી. કાકડીયા ધારી –બગસરા, કરણભાઈ શાહ તંત્રી –માલીક –સાંજ સમાચાર રાજકોટ રાજુભાઈ બસીયા પત્રકાર (દિવ્યભાસ્કર) બાબરા, જયભાઈ બોસમીયા અગ્રણી ભુપેન્દ્રભાઈ બસીયા ભાજપ મહામંત્રી અમરેલી, અલ્પેશભાઈ ઢોલરીયા માર્કેટિંગ યાર્ડ ચેરમેન ગોંડલ, બાવભાઈ ટોળીયા ઉપ પ્રમુખ ભાજપ રાજકોટ, ભરતભાઈ ઢોલરીયા તાલુકા પંચાયત ગોંડલ, તેમજ અનેક આગેવાનો ઉપસ્થિત રહયા હતા ને કથા નું શ્રવણ કર્યુ હતું ને ભાગવત ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી ને માઁ ચામુંડા માતાજી ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી આવેલા તમામ મહેમાનો નું બસીયા પરીવાર દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતુ. બપોરે ૩ થી ૬ સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વસંતબાપુ અગ્રાવત તેમજ કનુભાઈ ભિસરીયા દ્વારા સુંદરકાંડ ગાવામાં આવ્યા હતા ને બહોળી સંખ્યામા માતાઓ, વડીલો ગામલોકો હાજર રહ્યા હતા. સાતમા દિવસે સાંજે ભવ્ય રાસગરબા યોજાયા જેમાં હરિભાઈ ભરવાડ તેમજ રેખાબેન ભરવાડ દ્વારા મહારાસમા માતાજી ના ગરબા ગાયા હતા ને માતાઓ બહેનો ગરબે રમ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું ટ્રેનના લોકો પાયલોટે ઈમરજન્સી

લીલીયા મોટા અને સાવરકુંડલા સેકશન વચ્ચે રેલ્વે ટ્રેક ઓળંગતા સિંહને જોયો હતો. ત્યારે હાપાથી પીપાવાવ પોર્ટ તરફ જતી માલગાડીને ઈમરજન્સી બ્રેક લગાવીને રોકી દીધી હતી. અને બાદમાં એક સિંહે રેલવે ટ્રેક ઓળંગ્યા બાદ અન્ય ત્રણ સિંહોએ રેલવે ટ્રેક ક્રોસ કર્યો હતો.

ટ્રેન મેનેજર (ગાર્ડ) અને ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ સાવરકુંડલાને લોકો પાઈલોટ દ્વારા જાણ કરવામાં આવી હતી. આ બનાવની હકીકત મળતાં જ ફોરેસ્ટ ગાર્ડ ગણતરીના સમયમાં ઘટના સ્થળે પહોંચી ગયા અને તપાસ કરતાં સિંહો રેલવે ટ્રેક પરથી દૂર હટી ગયા હતા. અને ત્યાર બાદ જયારે તમામ સ્થિતિ સામાન્ય જોવા મળી ત્યારે ફોરેસ્ટ ગાર્ડ દ્વારા લોકો પાઈલટને ત્યાંથી જવા માટે સુચના આપતા ડિપાર્ચર સિગ્નલ મળ્યા બાદ ટ્રેનને લોકો પાયલોટ દ્વારા ગંતવ્ય સ્થાન તરફ લઈ જવામાં આવી હતી.

આ બનાવની માહિતી મળતા ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમાર, એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર હિમાઁશુ શર્મા અને અન્ય અધિકારીઓ દ્વારા લોકો પાઈલોટ્સની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી.


સંકુલ ઇંગ્લીશ મિડીયમ – ઓછી ફી – સારૂ શિક્ષણ

| | | | |
|---|---|---|---|
| નર્સરી & KG ઈ.મી. | ૫૮૦૦ | ધો. ૧ થી ૫ – ICSE બોર્ડ | ૯૦૦૦ |
| ધો. ૧ થી ૫ – GSEB બોર્ડ | ૭૬૦૦ | ધો. ૬ થી ૮ – ICSE બોર્ડ | ૧૧૦૦૦ |
| ધો. ૬ થી ૮ – GSEB બોર્ડ | ૯૨૦૦ | ધો. ૯ – ૧૦ ICSE બોર્ડ | ૧૩૦૦૦ |
| ધો. ૯ – ૧૦ GSEB બોર્ડ | ૧૧૦૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૬ થી ૮ | ૨૪૪૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ GSEB | ૧૩૮૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૯ થી ૧૨ | ૨૫૨૦૦ |
| ધો. ૧૧–૧૨ સાયંસ GSEB | ૨૫૮૦૦ | હોસ્ટેલ લવાજમ FY થી PG | ૨૬૮૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢરોડ, અમરેલી. Ad 081



''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ૩ | મગફળી ૨૦ નંબર | ૧૧૩૮ | ૧૧૬૨ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૩૦ | ૧૦૭૦ |
| ૫ | અડદ | ૧૧૫૦ | ૧૪૪૦ |
| ૬ | ઘઉં | ૫૨૫ | ૫૬૫ |
| ૭ | તલ સફેદ | ૨૦૪૦ | ૨૨૭૦ |
| ૮ | જીરૂ | ૩૯૬૦ | ૪૫૬૦ |
| ૯ | સોયાબીન | ૭૭૯ | ૮૨૧ |
| ૧૦ | ચણા | ૧૧૪૦ | ૧૩૩૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૧૧ |
| ૨ | ગીરનારી શીંગ | ૯૬૬ | ૧૨૩૦ |
| ૩ | શિંગ મોટી | ૮૧૮ | ૧૨૪૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૧૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૩૦ | ૨૫૫૨ |
| ૬ | તલ કાળા | ૩૨૦૦ | ૪૩૭૫ |
| ૭ | બાજરો | ૪૬૦ | ૫૮૧ |
| ૮ | જુવાર | ૭૦૫ | ૯૪૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૫૬ | ૬૭૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૧૫ |
| ૧૧ | મકાઈ | ૫૧૨ | ૬૧૩ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૧૩ | ચણા | ૯૯૦ | ૧૩૩૫ |
| ૧૪ | કપાસ | ૮૩૦ | ૧૪૭૮ |
| ૧૫ | એરંડા | ૧૧૫૦ | ૧૨૨૯ |
| ૧૬ | જીરૂ | ૩૫૦૦ | ૪૪૨૫ |
| ૧૭ | ધાણા | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૧૯ | સોયાબીન | ૬૮૦ | ૮૩૮ |
| ૨૦ | રજકા બી | ૪૨૭૫ | ૫૧૦૦ |
| ૨૧ | મરચા લાંબા | ૬૧૦ | ૩૧૬૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં માર્કેટયાર્ડ નજીક

બાઈકને ઠોકરે મારતા આ દંપત્તિ ફંગોળાતા બંનેને માથા અને શરીરના ભાગે ઈજાઓ થવાથી પ્રથમ બાબરા અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા. જયાં સારવાર કારગત નીવડે તે પહેલા જ મનોજભાઈએ દમ તોડી દીધો હતો. જયારે તેમના પત્નીને વધુ ઈજાઓ હોવાથી સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

મૃતક મનોજભાઈ બીમાર રહેતા હોઈ ગઈકાલે આ દંપત્તિ સરકારી હોસ્પિટલે દવા લઈને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. યુવકના મૃત્યુથી ચાર સંતોનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. પોલીસે અકસ્માત સર્જી નાસી જનાર અજાણ્યા વાહનચાલકની શોખોળ આદરી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં અયોઘ્યા એપાર્ટમેન્ટમાં

કરવામાં આવેલ આધર પુરાવાઓ ધ્યાને લેતા અયોધ્યા એપાર્ટમેન્ટમાં ફકત રહેણાંક હેતુના ફલેટ બાંધવા માટે પરવાનગી આપેલ જણાય છે. જેથી આ એપાર્ટમેન્ટમાં કરવામાં આવેલ દુકાનોનું બાંધકામ ગેરકાયદેસર જણાય છે. વધુમાં અત્રેથી કરવામાં આવેલ સ્થળ તપાસમાં પણ બાંધકામ રજાચીટ્ઠીની શરતોનો ભંગ કરી સ્થળ ઉપર મંજૂર પ્લાનમાં જયાં પાર્કિંગ દર્શાવેલ છે ત્યાં ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોરમાં સ્થળે ગેરકાયદેસર દુકાનો બનાવેલ હોવાનું માલુમ પડેલ છે. જેથી આ નોટિસ ધ્વારા આપને જણાવવામાં આવે છે કે આપની મિલ્કત/દુકાનની કાયદેસરતા અંગેના અધિકૃત આધાર પુરાવા જેવા કે આપે લીધેલ બાંધકામ મંજૂરીની રજાચિટ્ઠી, નકશો તથા મંજૂર કરેલ લે–આઉટ પ્લાન, બિનખેતી હુકમ તથા માલિકી અંગેના રેવેન્યુ આધાર પુરાવા વગેરે તમામ વિગતો જાહેર રજા સિવાયના દિવસોમાં આ નોટિસ મળ્યાના દિન–૩ માં રજૂ કરશો.

વધુમાં જણાવવામાં આવે છે કે, આ નોટિસ મળ્યાની તાત્કાલિક અસરથી ઉપર જણાવેલ તમામ પ્રકારનાં સાધનિક કાગળો/અધિૃકત આધાર પુરાવાઓ ઉકત સમયમર્યાદામાં રજૂ નહી કરવામાં આવે તો આપની દુકાનોનું બાંધકામ ગેરકાયદેસર ગણી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ અમરેલી નગરપાલિકા ધ્વારા નિયમોનુસારની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમ ચીફ ઓફિસરે અંતમાં જણાવેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૩ | ૧૪૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૬ | ૧૪૬૮ |
| ૨ | મગફળી | ૮૮૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં | ૫૭૧ | ૫૮૧ |
| ૪ | ચણા | ૧૦૬૫ | ૧૨૪૫ |
| ૫ | અડદ | ૮૦૦ | ૧૪૨૫ |
| ૬ | ધાણા | ૯૧૫ | ૧૨૬૦ |
| ૭ | સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| ૮ | તલ કાળા | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૯ | જીરૂ | ૩૦૨૫ | ૩૦૨૫ |
| ૧૦ | સફેદ તલ | ૨૧૩૦ | ૨૧૮૦ |
| ૧૧ | તુવેર | ૧૫૦૦ | ૧૭૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૧૩૧ |
| ૨ | શીંગ મોટી | ૧૬૫૦ | ૧૧૯૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૮૩ | ૨૬૧૦ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૪૮૫ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૨ |
| ૬ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૩૦ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૭૬૨ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૭૯૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | નવી તુવેર | ૧૧૦૦ | ૧૮૩૫ |
| ૧૩ | રાય/રાયડો | ૧૨૦૨ | – |
| ૧૪ | ધાણા | ૧૦૫૦ | ૧૩૫૫ |
| ૧૫ | સોયાબીન | ૭૨૫ | ૮૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં એક યુવકે

સ્કૂલેથી પોતાના ઘરે જતી હતી ત્યારે એકલતાનો લાભ લઈ યુવાને છેડતી કરવાના ઈરાદે બીભત્સ ફોટાની અને ખરાબ માંગણી કરી ધમકી આપેલ હતી. યુવાનની હરકતથી સગીરા ઘરે ગુમસુમ રહેવા લાગેલ હતી જેથી યુવતીના વાલીએ ગુમસુમ રહેવા અંગે પૂછપરછ કરેલ હતી. સગીરાએ યુવાનની ખરાબ હરકતો અંગે તમામ વાત જણાવેલ હતી. જેથી સગીરાના વાલીએ યુગ કારિયાને ઠપકો આપેલ હતો. યુવાન લાજવાના બદલે ગાજવા લાગેલ હતો અને મારી નાખવાની ધમકી આપેલ હતી. જે અંગે યુવાન સામે બાબરા પોલીસમાં પોકસો સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધવામાં આવેલ હતી.


## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં માર્કેટયાર્ડ નજીક

બાઈકને ઠોકરે મારતા આ દંપત્તિ ફંગોળાતા બંનેને માથા અને શરીરના ભાગે ઈજાઓ થવાથી પ્રથમ બાબરા અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા. જયાં સારવાર કારગત નીવડે તે પહેલા જ મનોજભાઈએ દમ તોડી દીધો હતો. જયારે તેમના પત્નીને વધુ ઈજાઓ હોવાથી સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

મૃતક મનોજભાઈ બીમાર રહેતા હોઈ ગઈકાલે આ દંપત્તિ સરકારી હોસ્પિટલે દવા લઈને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. યુવકના મૃત્યુથી ચાર સંતોનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. પોલીસે અકસ્માત સર્જી નાસી જનાર અજાણ્યા વાહનચાલકની શોખોળ આદરી છે.



ટુંકી મુદ્દતની જાહેર હરરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, અમરેલી જીલ્લાના કુંકાવાવ-વડીયા તાલુકાનાં ખજૂરી ગામે આવેલા ગ્રામ પંચાયત હસ્તકનાં પ્રાથમિક શાળામાં આવેલ જર્જરિત કોમ્યુનિટી હોલ તથા પાદરમાં આવેલ અવેડો તોડી પાડી, ઈમલો ઉતારી, કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાના કામની જાહેર હરરાજી તા.૧૬/૧૨/૨૦૨૪ ને સોમવારનાં રોજ, સમય સવારે 10:30 કલાકે ગ્રામ પંચાયત-કચેરી ખજૂરી, મુ.ખજૂરી, તા.કુંકાવાવ-વડીયા, જિ.અમરેલી સ્થળે રાખેલી હોય તો, હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

વહીવટદારશ્રી
ખજૂરી ગ્રામ પંચાયત
મું.ખજૂરી, તા.કુંકાવાવ-વડીયા
જી.અમરેલી
મો.નં.૯૧૦૯૯ ૧૮૦૧૩


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૬૦ | ૧૪૭૨ |
| ૨ | મગફળી | ૮૬૧ | ૧૧૮૦ |
| ૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | જુવાર | ૬૦૧ | ૬૭૦ |
| ૫ | સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૯૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૦ | ૫૭૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૨૯ | ૬૦૦ |
| ૪ | જુવાર | ૮૫૦ | ૮૫૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૮૦ |
| ૬ | મગફળી | ૬૬૦ | ૯૦૧ |
| ૭ | ચણા | ૯૪૦ | ૧૨૧૭ |
| ૮ | તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | ધાણા | ૧૧૦૦ | ૧૩૮૦ |
| ૧૦ | ચણા સફેદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૧૨૦ |
| ૧૨ | તુવેર | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૪ | રજકા બી | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૧૫ | એરંડા | ૮૮૫ | ૮૮૫ |
| ૧૬ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૧૭ | બાજરો | ૫૪૦ | ૫૪૦ |
| ૧૮ | મગ | ૮૦૦ | ૮૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં જંત્રીનો વધારો

અગાઉની જંત્રીમાં જે વેલ્યુ ઝોનનો એરિયા વધારી મોટા ઝોનનો એરિયા વધારી મોટા ઝોન બનાવવાથી વાસ્તવિક બજાર કિંમતમાં અને જંત્રી વેલ્યુમાં ખૂબ જ મોટો તફાવત ઉપસ્થિત થયેલ છે. અમરેલી શહેર ઘણું નાનું છે તેમાં પછાત વિસ્તાર, અલ્પવિકસિત અને વિકસીત તમામ એરિયા એક જ ઝોનમાં આવી જતાં ખૂબ જ વિસંગતતા ઉપસ્થિત થયેલ છે.

અમરેલીના અલ્પવિકસિત વિસ્તારોમાં જે ભાવથી મકાન મળે છે તેટલી જંત્રી વેલ્યુ પ્લોટની દર્શાવેલ છે આટલી મોટી વિસંગતતા છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી શહેરમાં રેતી મળતી નથી એવીએશન ડિપાર્ટમેન્ટની મંજૂરીના પ્રશ્ને બાંધકામના ધંધામાં ખૂબ જ મંદી છે. આવા સંજોગોમાં જંત્રી દરમાં અકલ્પનિય વધારાથી બાંધકામનો વ્યવસાય સંપૂર્ણપણે ઠબ થઈ જશે અને કારીગરો, મજૂરો જે રોજીરોટીનો પ્રશ્ન ઉપસ્થિત કરશે.

મહારાષ્ટ્રમાં દર નાણાંકીય વર્ષના અંતે જંત્રી વેલ્યુમાં ૫%નો વધારો કરવામાં આવે છે પ્રમાણે ઓટોજનરેટેડ સિસ્ટમ છે. આ દિશામાં જો સરકાર ધ્વારા વિચારણા કરવામાં આવે તો ઈચ્છનીય છે.

જે જંત્રી ૨૦૨૩ સરકાર તરફથી વધારેલ હતી તે પણ ત્યારે વધારે જ હતી અને તે જંત્રી અત્યારે વધારે જ છે તેના પણ સરકાર ટૂંકાગાળામાં આવડી મોટી જંત્રી વધારીને પબ્લિક માટે અસહનીય થશે ધંધા રોજગાર બંધ થઈ જશે તેવી હાલત થશે.

વધુમાં જણાવેલ છે કે, ૨૦૨૩ના વખતે વધેલ જંત્રીમાં હિસાબેથી ખેતીના દસ્તાવેજ તમામ અટકી ગયેલ છે અને ભાઈઓ ભાગનાં દસ્તાવેજ કોઈપણ કરી શકે નહી એવી હાલત થઈ ગયેલ છે. જેમાં પણ અત્યારે વધારે જંત્રી કરીને કામકાજ સાવ ઠપ્પ થઈ જશે.

અમરેલી એકદમ પછાતમાં પછાત જિલ્લો હોય અને તેમાં કોઈપણ પ્રકારનાં ધંધા રોજગાર છે જ નહીં આખો જિલ્લો ખેતી આધારિત હોય તેમાં પણ કોઈ વ્યકિત કામ કરી શકતું ન હોય તે પણ ચિંતાનો વિષય છે. એમાં પણ બાકી હોય તેમાં જંત્રી વધારો કરીને તમામ ધંધા રોજગાર બંધ થઈ જશે તે નકકી છે.

વધુમાં જણાવેલ છે કે, અત્યારે હાલની પરિસ્થિતિ મુજબ અમરેલીમાં કોઈ ધંધો કે રોજગાર ન હોય અને પબ્લિક અમરેલી છોડીને મેગાસીટી તરફ જઈ રહી છે. એમાં પણ લોકો અહી કેવી રીતે રોજગાર અને ધંધો આવી શકે તે માટે વિચારવાને બદલે કમરતોડ ભાવ વધારા કરી લોકોને ન પોષાય તેવી મિલ્કતના જંત્રીના ભાવ કરીને તમામ વહીવટ બંધ થઈ જશે અને સ્ટેમ્પ ડયૂટીની આવકમાં પણ ઘટાડો થશે અને જો જંત્રીના ભાવ વ્યવસ્થિત હોય તો લોકોને દસ્તાવેજ પ્રક્રિયા સરળ બને દસ્તાવેજ કરવા માટે પ્રેરાય અને વધારે દસ્તાવેજ થાય અને સ્ટેમ્પ ડયુટી આવકમાં પણ વધારો થાય અને લોકો ખોટા વહીવટ કરતાં બંધ થાય નહિતર લોકો બરબાદ થઈ જશે લોકોને પરવડે તેવું કાંઈ પણ યોગ્ય વિચારવું જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, અત્યારે કોઈપણ વાંધા સૂચનો ઓનલાઈન જટિલ પ્રક્રિયા હોવાથી થતી નથી તો ઓફલાઈન વાંધા અરજી લેવાની વ્યવસ્થા પણ કરવાની જરૂર છે.

જો ખરેખર ટેકનિકલ સર્વે કરવામાં આવે તો જે જંત્રી રિવાઈઝ કરવામાં આવેલ છે તે તદન અયોગ્ય છે કોઈપણ મિલ્કતની કિંમતમાં રાતોરાત ૫૦૦ થી ૭૦૦%નો વધારો તે શકય નથી.

સર્વે કરવા કર્મચારી એકાદ વ્યકિતને પૂછી પ્રમાણે અભિપ્રાય આપે છે. ખરેખર વિષયમાં જાણકારો એક કરતાં વધુ અનેક વ્યકિતઓનો સંપર્ક કરી બજાર કિંમત નકકી કરે તે યોગ્ય પધ્ધતિ ગણાય.

બેન્ક ધ્વારા જે વ્યાજદર ચૂકવવામાં આવે છે તે મુજબ ૧૦ વર્ષ નાણાં બમણા થાય છે અને જંત્રીમાં ૧ વર્ષમાં ૫૦૦ થી ૭૦૦% જેવો વધરો કરવામાં આવેલ છે.

૨૦૨૩ની વધેલ જંત્રીએ પણ વધારે હતી તેમાં પણ ઘટાડો કરવાની વાત હતી તેમાં પણ વધારો કરીને અમરેલીની હાલત ખરાબ થઈ જશે. લોકોને યોગ્ય થાય તેવું વિચારવું જોઈએ. અત્યારે જે જંત્રી વધેલ છે તેમાં યોગ્ય સર્વે કરી અને સાથે ટીમ રાખીને યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| ૩ | તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૪ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૬૧૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૪૦ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૮૧૨ |
| ૮ | મગ | ૧૨૩૫ | ૨૪૪૦ |
| ૯ | મઠ | ૧૦૨૫ | ૧૩૫૦ |
| ૧૦ | અડદ | ૧૨૩૩ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૩૭૬ |
| ૧૨ | ચોળી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૫૧ | ૭૮૦ |
| ૧૪ | મેથી | ૬૬૦ | ૭૦૦ |

# સાવરકુંડમાં સંત શ્રી આપાલાખાની ૨૪૪મી જન્મજયંતીની ભારે ઉમંગ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી



સાવરકુંડલા શહેરમાં સંત શ્રી આપા લાખાની ૨૪૪ મી જન્મજયંતીની સમગ્ર ભાવિકો દ્વારા ભારે આસ્થા, ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી. આજરોજ પ્રાતઃ કાળે મંગળ ા આરતી, સમાધિ પૂજા ધ્વજારોહણ વગેરે ધાર્મિક વિધિઓ ભારે ઉમંગ અને આસ્થા સાથે કરવામાં આવેલ. ત્યારબાદ સમગ્ર ભકતગણ તથા સંતશ્રી આપાલાખાની જગ્યાના મહંતશ્રી નાનજીભગત સમેત તમામ ભકતગણોએ સુંદર વસ્ત્રો પરિધાન કરીને સંત શ્રી આપાલાખાની જગ્યાએ થી ભારે ધામધૂમથી સામૈયા સાથે ભ્રમણ કરી સંતશ્રીના જયકાર સાથે નીકળી ધન્યતા અનુભવી હતી. આ સાથે સાત વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું તેમજ રાત્રે સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો સંત શ્રી આપાલાખાના અનેક પરચાંઓને વાગોળતાં વાગોળતાં સાવરકુંડલા શહેર ખાતે સંતશ્રી આપાલાખાની૨૪૪મીજન્મજયંતી સમગ્ર સેવકગણ માટે એક યાદગાર દિવસ બની રહેશે. આજરોજ સંતશ્રી આપાલાખાના ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે એક યાદગાર સુવર્ણ દિવસ તરીકે તમામ ભકતગણોના હૃદયમાં અંકિત થઈ ગયો.

## વડિયાના વિદ્યાર્થીઓએ રીજીયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી

અમરેલી, તા. ૯

વડિયાની મોંઘીબા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ અને રૂચિ વધે તેમજ બાળકો નવી નવી ટેકનોલોજીથી માહિતગાર થાય એ ઉદેશ્ય સાથે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડી.એસ.ટી. ગવર્મેન્ટ ઓફ ગુજરાતના સહયોગ તથા ડીસ્ટ્રીક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન અમરેલીના સહકાર દ્વારા વિદ્યાર્થીઓને રીજીયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર ની નિઃશુલ્ક મુલાકાત કરાવવામાં આવી હતી.

આ મુલાકાત અંતર્ગત બાળકોએ વિવિધ ગેલેરીઓની મુલાકાત કરી જેમ કે મરીન એકવાટિક ગેલેરી, બાયો સાયન્સ ગેલેરી, ઓટોમોબાઈલ ગેલેરી, નોબલપ્રાઈઝ ગેલેરી, ઈલેક્ટ્રો મિકેનિક ગેલેરી, ઓડિટોરિયમ – શોર્ટ ફિલ્મ સ્ક્રિનિંગ ઓન ડાયનોસોર, ૩૬૦ડિગ્રી એકવાટિક વી.આર.



દ્વારા અનુભવ નિદર્શન તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને માહિતગાર કરાયા હતા. સમગ્ર મુલાકાતને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય અને સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

આ અમૂલ્ય તક મળતાં મોંઘીબા પ્રાથમિક શાળા, વડિયા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ડી.એસ.ટી. ગવર્મેન્ટ ઓફ ગુજરાત તથા ડીસ્ટ્રીક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન મ્યુઝિયમ અને બાલભવન અમરેલીનો આભાર વ્યકત કરે છે.

### ધારાસભ્ય તળાવીયાનાં વરદ્ હસ્તે ભુમિ પૂજન

## ઢસા, દામનગર, ગારિયાધાર માર્ગનું ૮ કરોડનાં ખર્ચે રીસર્ફેસીંગ કરાશે

### વાહન ચાલકોમાં ખુશીનો માહોલ

લાઠી, તા૯

લાઠી તાલુકાના નારણગઢ ગામેથી ઢસા, દામનગર અને ગારિયાધારને જોડાતા સ્ટેટ હાઈવેના રિસરફેસિંગનું ૮ કરોડના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયા હસ્તે કરવામાં આવ્યું હતુ. આ કાર્ય પૂરૂં થવાથી આસપાસના અનેક ગામોને ફાયદો થશે અને પ્રવાસન તેમજ વાહન વ્યવહાર વધુ મજબૂત બનશે.

લાઠી પંથકમાં વર્ષોથી અટકી પડેલ વિકાસના કામોને પુરા કરવા માટે ધારાસભ્ય દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે. આ વિસ્તારમાં કરોડો રૂપિયાના કામો સરકાર માંથી મંજુર કરાવી જનસુખાકારી માટે કામગીરી કરી રહ્યા છે. તેવામાં છેલ્લા ઘણા સમયથી જર્જરિત લાઠીના નારણગઢ ગામેથી ઢસા, દામનગર અને ગારીયાધારને જોડાતા જિલ્લાહદ સુધીના સ્ટેટ હાઈવેના રિસરફેસિંગ માટે રજુઆત મળતા ધારાસભ્ય દ્વારા સરકાર માંથી રૂ.૮ કરોડ મંજુર કરાવી તેનું ખાતમુહૂત કરવામાં




આવ્યું હતું. ધારાસભ્યના હસ્તે રિસરફેસિંગનું ખાતમુર્હત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના આગેવાનો તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રોડ બનવાને કારણે લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકો તેમજ વાહન ચાલકોને મોટા પ્રમાણમાં ફાયદો થશે.

## ૧૦ ડીસેમ્બર, ''વિશ્વ માનવ અધિકાર દિવસ''

અમરેલી, તા. ૯

સમગ્રવિમાં ૧૦મી ડિસેમ્બરે ''વિ માનવ અધિકાર દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. દરેક માનવી પોતે મુળભુત રીતે જ જન્મની સાથે જે અધિકારો સાથે જન્મે છે અને જીવનપર્યત જે અધિકારોને કોઈપણ જાતની અડચણ વગર મુકત રીતે ભોગવી શકે તેવા તમામ અધિકારોને માનવ અધિકારો ગણી શકાય. સમગ્ર વૈીક ફલક પર જરા નજર કરીએ તો સવારે સૂર્યના ઉગવા અને આથમવાની અવિરત પ્રક્રિયાની જેમ માનવ અધિકારોનો ભંગ થતો રહે છે. જેનું મુખ્ય કારણ પોતાના જ અકિરોની જાણકારીનો અભાવ અને અન્યના અધિકારોની અવગણના પણ છે.




સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના ખ્યાલનો વિકાસ અને ઉદભવ ૧૩મી સદીમાં ઈંગ્લેન્ડમાં બનાવાયેલ લેખીત દસ્તાવેજ 'મેગ્નાકાર્ટા'ને ગણી શકાય, પરંતુ પ્રથમ વિશ્વ યુદ્ધની કટોકટીનાં કારણે તેને કાયદાનું સ્વરૂપ આપી નહોતું શકાયું. આ દસ્તાવેજમાં માનવીને માનવી હોવાના કારણે જે અધિકારો પ્રાપ્ત થાય છે તેવા તમામ અધિકારો 'મેગ્નાકાર્ટા' દસ્તાવેજથી ઈંગ્લેન્ડની પ્રજાને આપવામાં આવેલ હતા. ઈ.સ. ૧૯૪૫માં સમગ્ર વૈીક સ્તરે માનવીને માનવી તરીકે મળતા અધિકારો અંગે સૌપ્રથમ વખત ''માનવ અધિકાર'' શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલો હતો. સમગ્ર વિમાં માનવ અધિકારોના રક્ષણ અર્થે યુનોએ સૌપ્રથમ વખત યુર્નિવર્સલ ડિકલેરેશન ઓફ હ્યુમન રાઈટસ નામનો દસ્તાવેજ બનાવામાં આવેલો હતો. આ ઘોષણા પત્રમાં જણાવ્યું કે તમામ માનવીઓ તેમના અધિકારો અને ગેરવ બાબતમાં જન્મથી સમાન છે અને તમામને કોઈપણ જાત કાળા ગોરા (રંગ), વર્ણ, જાતી (સ્ત્રી પુરૂષ), ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય વિચારો, રાષ્ટ્રીય કે સામાજીક મુળ (વતન), મિલકત, જન્મ કે અન્ય કોઈ હોદાના તફાવતો વિના તમામ અધિકારો અને સ્વાતંત્રતાઓ પ્રાપ્ત થાય છે. સંયુકત રાષ્ટ્રસંઘની મહાસભાએ (UN) તા. ૧૦ ડિસેમ્બર ૧૯૪૮ના રોજ એક ઘોષણા પત્રમાં માનવ અધિકારો જાહેર કર્યા અને તેને સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભામાં બહાલી આપવામાં આવી. તેથી સને. ૧૯૪૮થી દર વર્ષે ૧૦મી ડિસેમ્બરને '' માનવ હક દિન''તરીકે ઉજવવામાં આવે છે. ભારત દેશનું બંધારણ પણ આપણને કેટલાક મૂળભૂત અધિકારો આપે છે જેમાં સમાનતાનો હક, સ્વતંત્રતાનો હક, શોષણ સામેનો હક, ધાર્મિક સ્વાતંત્રતાનો હક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો, બંધારણીય ઈલાજોનો હક શામેલ છે. આ માનવ અધિકારો મનુષ્યનું મનુષ્ય તરીકેનું ગૌરવ જાળવી રાખવાના શુધ્ધ હેતુથી ઘોષિત કરાયા છે. મનુષ્યનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેની ન્યૂનતમ અને પાયાની જરૂરિયાતો જેવી કે રોટી, કપડાં, મકાન, શિક્ષણ અને આરોગ્ય તેને ગેરવપૂર્વક અને સન્માનજનક સ્થિતિમાં પ્રાપ્ત થઈ શકે. ઉપરાંત તે સર્વાંગી વિકાસ સાધી શકે અને માણસને સામાજિક વાતાવરણ મળી રહે એ માટે છે. આવા પાયાના મૂળભૂત માનવ અધિકારો એ લોકશાહી શાસનપ્રથાની પાયાની ઓળખ છે.

**–મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## સાવરકુંડલા ખાતે પોલીયો રસીકરણ કરાયું



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા ખાતે આવેલ શ્રમજીવી નગર બુથ નંબર ૫ ખાતે પોલિયો કામગીરી અંતર્ગત પોલીયો બુથ રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી. સાવરકુંડલામાં બુથ નંબર ૫ શ્રમજીવી નગર ખાતે પોલિયોની કામગીરી પોલિયો રસી બુથનું ઉદઘાટન કરેલ કમલેશભાઈ રાનેરા તથા હંસાબેન રાનેરા આંગણવાડી વર્કર રીટાબેન એ ઠાકર આશા વર્કર મંજુલાબેન પરમાર તથા નર્સબેન બુથ સુપરવાઈઝર હીનાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ તથા સહાયક અંબાબેન બી.રાઠોડ જાનવીબેન પરમાર,

## ૧૫ વર્ષથી ચાલતી ધતીંગલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા

## ખામટા ભુવાની પાપલીલાનો ભાંડાફોડ કરતું વિજ્ઞાન જાથા

### દોરા-ધાગા કરી, દાણા પીવડાવી મજબુરને ભ્રમિત કરતો ઝડપાયો



રાજકોટ, તા. ૯

અમદાવાદ : રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખામટા ગામનો ભુવો હકા દેવા સાનીયાની ૧૫ વર્ષથી ચાલતી ધતિંગલીલા, પાપલીલાનો ભાંડાફોડ ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે પડધરી પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૯મો સફળ પર્દાફાશ કર્યો હતો. લોટના પૂતળા, ઉતાર કરવો, દોરા બાંધવા, જુવારના દાણા પીવડાવી યેનકેન શોષણના માર્ગે ધકેલી પાપાચાર આચરતા ઝડપાયો હતો. રૂપિયા બે હજાર થી પચાસ હજારની વિધિની ફી વસુલી લોકો સાથે છેતરપિંડી કરતો હતો. બનાવની વિગત પ્રમાણે રાજકોટ ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી યુવતી દુષ્કર્મનો ભોગ બનતા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ મેટોડાના વિરમ નાગજી સાનીયા સામે દાખલ કરવામાં આવી હતી. ખામટાના ભુવા હકા દેવા સામે દોરો બાંધવા, જુવારના દાણા પીવડાવાથી પીડિતાને અનેકગણી તકલીફ પડી હતી. તેમાં નાગજી પુંજા સાનીયાએ વિરમને બચાવવા ભુવાનો આડકતરો સહારો લીધો હતો તેવા કથન સાથે ચોંકાવનારી માહિતી જાથા સમક્ષ જાહેર કરી હતી. ભુવો હકા દેવા ઓનલાઈન, કોન્ફરન્સમાં દોરા બાંધવા વિગેરે વિધિ કરાવતો હતો. ખામટાથી ૩ કિલોમીટર દૂર વાડી વિસ્તારમાં જુના મચ્છુ માતાના મઢે આ ભુવો યેનકેન પીડિતો સાથે છેતરપિંડી કરતો હતો. રૂપિયા બે હજાર થી પચાસ હજારની ફી વસુલી ધાર્યું કામ પાર પડાવતો હતો. શ્રદ્ધાળુઓને લીંબુ–મરચા, શ્રીફળ, ચાંદીની વસ્તુ, ઉતારની વસ્તુઓ મંગાવી નદીમાં પધરાવી રૂપિયા ખંખેરતો હતો. અંદરોઅંદર ઝઘડા કરાવવા, વિધિની વસ્તુઓ ખરીદવા એડવાન્સમાં નાણા વસુલવા, પ્રેમ પ્રકરણમાં યુવક–યુવતિની પરિસ્થિતિનો લાભ લઈ નાણા વસુલતો હતો. ભાગીને આવેલા યુગલોનું રક્ષણનું કામ કરી દેતો હતો. પીડિતાએ પોતાની આપવિતીમાં માહિતી રજૂ કરી હતી. જાથાના કાર્યાલયે ભુવાના કરતુતો સંબંધી હકિકત આવી હતી. પીડિતાએ ભુવા હકા દેવા અને નાગજી પુંજાના પરિવારની હકિકત આપી હતી. પોતાની દયનીય હાલતમાંથી બોધપાઠ મેળવી બીજી મજબુર મહિલા ભોગ ન બને તેવા હેતુથી વાત કરી હતી.

જાથાના જયંત પંડયાએ પીડિતાની હકિકતની ખરાઈ કરવા ખામટા ગામે ભુવાના ઘરે ભાનુબેન ગોહિલ, પ્રકાશ મનસુખભાઈ યુવકને મોકલતા ભુવા દોરા–ધાગા, દાણા એકી–બેકી પાડવા સંબંધી પુરાવા મેળવી લીધા હતા. ભુવાએ વિધિ–વિધાનના રૂપિયા બે હજારની માંગણી કરતાં આપી દીધા હતા. ભુવાના પર્દાફાશનો માર્ગ મોકળો થયો હતો. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ મુખ્યમંત્રી, ઉચ્ચ અધિકારીઓ, પોલીસ મહાનિરીક્ષક, એસ.પી. વિગેરેને પત્ર પાઠવી ખામટાના ભુવાના પર્દાફાશ માટે, ગુન્હો બનતો અટકાવવા પોલીસ મદદની માંગણી કરી હતી. પડધરી પોલીસસ્ટેશનને જરૂરી સુચના મોકલવામાં આવી હતી. રાજકોટથી જયંત પંડયાના નેતૃત્વમાં રોમિતભાઈ રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, રમેશ જાદવ, હિરેન પડધરીયા, પ્રકાશ મનસુખભાઈ, ભાનુબેન ગોહિલ, સ્થાનિક કાર્યકરો પોલીસ સ્ટેશનમાં પહોંચી ગયા. જયાં પો. ઈન્સ. એસ. એન. પરમારને રૂબરૂ હકિકત જણાવતા તેમણે એ.એસ.આઈ. ભગીરથસિંહ જાડેજા, હેડ કોન્સ્ટે. વિરેન્દ્રસિંહ ઝાલા, પો.કોન્સ્ટે. ભારતીબા સરવૈયા, પો.કોન્સ્ટે. અશોકભાઈ વિનુભાઈ, પો.કોન્સ્ટે. સાગરભાઈ ખટાણા, પો.કોન્સ્ટે. વસંતભાઈ ભુંડિયા સહિત પોલીસ વાન જાથાને ફાળવી દીધું. જાથાના જયંત પંડયા તેની ટીમ અને પોલીસ સ્ટાફ ખામટાથી ૩ કિલોમીટર અંદર વાડી વિસ્તારમાં માતાના મઢે પહોંચી ગયા. જયાં ભુવો હકા દેવા મજબુર લોકો માટે વિધિ–વિધાન કરતો હતો. ભુવાના પહેરવેશમાં ઉતાર વિધિ તળાવથી પરત આવતો હતો. માતાના મઢે પરિચય આપી ભુવાને કાયમી ધતિંગલીલા બંધ કરાવવા આવ્યા છીએ. મેળવેલા પુરાવા બતાવવામાં આવ્યા. ભુવો પરિસ્થિતિ પામી તુરંત જાથાના ઘૂંટણીયે પડી ગયો. માફી માંગી હવે પછી ધતિંગ બંધની ખાત્રી આપવા લાગ્યો.

ભુવાને નાગજી પુંજા સાનીયા બાબતે પુછતા વિરમ રૂબરૂમાં માથાકુટ કરતો હતો, તે મેં જોયું. દોરા–જુવાર ખવડાવવા બાબતે કશું જ જાણતો નથી. મારા કુટુંબીજનો થાય છે. માથું દુઃખે તો દોરા બાંધુ છું. જુવારના દાણા, માંડવામાં ધૂણું છું, દુઃખી લોકો માટે કામ કરૂ છું. બે દિવસ પહેલા જોવડાવવા આવેલા લોકો પાસે વિધિના બે હજાર લીધા છે, તેમની પાસે દસ હજાર ઉછીનાની માંગણી કરી છે. ઉતારવિધિ, શ્રીફળ, કાળું કપડું ચોકમાં મુકવાની વિધિ કરૂ છું. પોતાને આપત્તિના સમયે મચ્છુ માતા મદદે આવ્યા નહિ તેનો અફસોસ વ્યકત કરતો હતો. લોકોની માફી, કબુલાતનામું આપવા તૈયાર થઈ ગયો. કબુલાતનામામાં હું હકાભાઈ દેવાભાઈ સાનીયા, ઉ.વ. ૫૦, ધંધો રીક્ષા, લોકોના દુઃખ–દર્દ મટાડવા સાથે ભુવાપણું કરૂ છું. આજથી ઉતાર કરવું, દોરા બાંધવા, દાણા ખવડાવવા વિગેરે વિધિ–વિધાન બંધની કાયમી જાહેરાત કરી માફી માગુ છું. જાથાના ચેરમેન જયંત પંડયાને પોલીસ સ્ટેશને ભુવાની ભલામણ માટે ગામના સરપંચ, તેના સગા–સંબંધી રૂબરૂ આવ્યા હતા. તેમણે ભુવા હકા દેવાથી નારાજગી બતાવી, અમે અંધશ્રદ્ધા બંધ થાય તેની તરફેણમાં છીએ. આખું ગામ ભુવાથી નારાજ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે અટકાયતી પગલા ભરવાની કાર્યવાહી શરૂ કરી હતી. જાથાના પંડયાએ રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક, જિલ્લા પોલીસ વડા, ગોંડલ ડી.વાય.એસ.પી. પડધરી પોલીસ સ્ટેશનના ઈન્સ. પરમારનો વિશેષ આભાર માન્યો હતો. વિજ્ઞાન જાથાએ ખામટાનો ભુવા હકા દેવાના પર્દાફાશમાં જાથાના રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, ભાનુબેન ગોહિલ, હિરેન પડધરીયા, રમેશ જાદવ અને પોલીસ સ્ટાફના કર્મચારીઓ જોડાયા હતા.

# અમરેલી ખાતે રોટરી કલબ દ્વારા આગેવાનોનાં વરદ્હસ્તે પોલિયો રસીકરણ થયું



અમરેલી ખાતે રોટરી કલબ ઓફ અમરેલી સીટી દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી ડો.જીવરાજ મહેતા ચોક પોલિયોના ટીપા પીવડાવી અને બાળકોને વિનામૂલ્ય રમકડાનું વિતરણ થાય છે. ગઈકાલે આ કેમ્પમાં ૧૫૦૦ થી વધારે બાળકોએ પોલિયાનાં ટીપા લીધા આ કેમ્પને સફળ બનાવવા માટે યસ મસરાણી, હિતેશ વ્યાસ, રાકેશ વસાણી, નિલેશ સોનપાલ, જીગ્નેશ મોદી, અનિલ આડતીયા વિગેરે મેમ્બરોએ જહેમત ઉઠાવી હતી. અમરેલી શહેરનાં બધા બાળકો ત્યાં સુધી લઈ આવવા માટે મા–બાપનો ડોકટર રાજુભાઈ કથીરિયા, સાંસદ તથા ધારાસભ્ય તથા સરકારી અધિકારીઓનો પણ રોટરી કલબવતી આભાર માનવામાં આવેલ છે.




## ૮ જેટલા ‘‘સ્પા’’ બંધ કરવાની માંગ થવાથી તપાસ શરૂ થતાં પાલિકાની પ્રાથમિક તપાસ

# અમરેલીનાં અયોધ્યા એપાર્ટમેન્ટમાં ગેરકાયદેસર રીતે દુકાનો બનાવાઈ

**મંજૂર પ્લાનમાં જયાં પાર્કિંગ દર્શાવેલ ત્યાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ફર્સ્ટ ફ્લોરમાં પણ ગેરકાયદેસર રીતે દુકાનો બનાવાઈ**

**પાલિકા દ્વારા દુકાન નં.–૪નાં માલિકને બાંધકામને લગતા આધાર પુરાવા રજૂ કરવા નોટિસ પાઠવાઈ**

**અધિકૃત કાગળો રજૂ કરવામાં ન આવે તો નિયમાનુસાર કાર્યવાહી કરવાની નોટિસ અપાઈ**

**ગેરકાયદેસર દુકાનોમાં શરૂ થયેલ ‘‘સ્પા’’ સેન્ટરને લઈને સ્થાનિકોમાં પણ નારાજગી**

અમરેલી, તા. ૯

અમરેલીનાં કેરિયા રોડ બાયપાસ ઉપર આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટમાં ચાલતા "સ્પા"ને લઈને સ્થાનિકોએ પાલિકામાં લેખિત રજૂઆત કર્યા બાદ પાલિકાએ તપાસ શરૂ કરતાં ચોંકાવનારી વિગતો બહાર આવેલ છે અને પાલિકાએ દુકાન નં. ૪નાં માલીકને નોટિસ પાઠવેલ છે.

નોટિસમાં જણાવેલ છે કે, અયોધ્યા એપાર્ટમેન્ટના રહીશો દ્વારા કચેરીને રજૂઆત કરવામાં આવેલ છે કે, અમરેલી શહેરના કેરિયા રોડ બાયપાસ પર આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટમાં રહેણાંક વિસ્તારમાં દુકાનો બનાવવામાં આવેલ છે તેમજ દુકાનો પૈકી ઘણી દુકાનો ભેગી કરીને મસાજ પાર્લર (સ્પા) બનાવવામાં આવેલ છે. જેમાં આવતા ગ્રાહકોના ત્રાસનાં કારણે સોસાયટીમાં રહેતી મહિલાઓ અને દીકરીઓને અડચણરૂપ થાય છે. જેથી તમામ સ્પા બંધ કરવા રજૂઆત કરેલ છે.

વધુમાં તેઓ જણાવે છે કે, અમોના રહેણાંક હેતુ માટેના બાંધકામમાં કોમર્શીયલ વ્યવસાય ચલાવવામાં આવે છે. અમરેલી નગરપાલિકા કચેરી ધ્વારા આ બિલ્ડીંગનું બાંધકામ કરવા માટે આપવામાં આવેલા ના વાંધા પ્રમાણપત્રમાં પણ ફક્ત રહેણાંક ફ્લેટની જ મંજૂરી આપવામાં આવેલ છે જેથી દુકાનોનું બાંધકામ ગેરકાયદેસર છે તેવી રજૂઆત કરેલ છે.

ઉપરોકત વિગતે અયોધ્યા એપાર્ટમેન્ટમાં ચાલતા તમામ સ્પા ધારકોને નોટિસ આપી તેઓના સ્પાની કાયદેસરતા બાબતના તમામ આધાર પુરાવા રજૂ કરવા જણાવેલ. જે અઝવયે સ્પા ધારકો ધ્વારા રજૂ કરેલ આધાર પુરાવાઓ તેમજ અરજદાર ધ્વારા રજૂ

અનુસંધાન પાના ૬ ઉપર

### લીલીયામોટા–સાવરકુંડલાનાં રેલ્વે ટ્રેક ઉપર

# ટ્રેનના લોકો પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવીને ૪ સિંહોને બચાવી લીધા

**બાદમાં ટ્રેન નિધારિત સ્થળે જવા રવાના**

અમરેલી, તા. ૯

ભાવનગર રેલ્વે મંડળ સિંહો તથા વન્યજીવોના સંરક્ષણ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. મંડળના નિર્દેશો મુજબ, ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઈલોટ નિર્ધારિત ગતિનું પાલન કરી રહ્યા છે. અને વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે. ભાવનગર રેલ્વે મંડળના લોકો પાયલોટની તકેદારી અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર્સની મદદથી ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૯૬ સિંહોના જીવ બચાવાયા છે.

ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, માશૂક અહમદે જણાવ્યું હતું. કે આજે તા. ૯–૧૨ સોમવારના રોજ, લોકો પાયલોટ વિવેક વર્મા (મુખ્યમથક–સુરેન્દ્રનગર) અને વરિષ્ઠ સહાયક લોકો પાયલટ આશુતોષ મિશ્રા (મુખ્ય મથક–સુરેન્દ્રનગર)એ જયારે

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ – તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ – અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
68,000/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૯/૧૨/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ
જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### સત્તાધારીપક્ષનુ પ્રમુખપદ મેળવવા અનેરો ઉત્સાહ

# અમરેલી જિલ્લામાં શહેર/તાલુકા ભાજપ પ્રમુખના ૨૦ હોદ્દા માટે ૧૬૯ જેટલા આગેવાનોની દાવેદારી

**સૌથી વધુ સાવરકુંડલા શહેર પ્રમુખ માટે ૨૨ વ્યકિતઓની દાવેદારી**

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા ભાજપનું સંગઠન પર્વ ચાલી રહયુ છે આગામી થોડા જ દિસોમાં જિલ્લાં જુદા–જુદા ૨૦ મંડળના પ્રમુખનાં નામની જાહેરાત થવાની હો જે અંતર્ગત પ્રમુખપદે ળવવા ઈચ્છુક કાર્યકર્તાઓ પાસેથી દાવેદારી મંગાવવામાં આવી છે. અમરલી શહેર, અમરેલી તાલુકા, સાવરકુંડલા શહેર, સાવરકુંડલા તાલુકા, ચલાલા, દામનગર, બગસરા, લાઠી, બાબરા, રાજુલા અને જાફરાબાદ શહેર તેમજ ધારી, ખાંભા, લીલીયા સહિતનાં તાલુકા મળી કુલ ૨૦ મંડળ માટે કુલ ૧૬૯ જેટલા આગેવાનોએ દાવદારી કરી હોવાનુ જાણવા મળેલ છેઉ

આગામી અઠવાડીયામાં તાલુકા / શહેર પ્રમુખનો તાજ કોના શિરે રહેશ તેની સતાવાર જાહેરાત થવાની સંભાવના જોવા મળી રહી છે.

### રાજયનાં ગૃહવિભાગ દ્વારા બદલીનો ઓર્ડર

# અમરેલીનાં પોલીસ અધિક્ષક તરીકે સંજય ખરાત : વર્તમાન પોલીસ અધિક્ષક હિમકરસિંહની રાજકોટ ગ્રામ્યમાં બદલી

**રાજયનાં ૨૫ પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી**

અમરેલી, તા. ૯

અમરેલીમાં દોઢેક વર્ષથી પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતાં હિમકરસિંહની રાજકોટ ગ્રામ્યમાં પોલીસ અધિક્ષક તરીકે બદલી થયેલ છે. તો અમરેલીનાં પોલીસ અધિક્ષક તરીકે સીઆઈડી (ક્રાઈમ) ગુના વિરોધી વિંગનાં પોલીસ અધિક્ષક સંજય જ્ઞાનદેવ ખરાતને નિમણુંક આપવામાં આવી છે.

રાજયનાં ગૃહવિભાગ ધ્વારા સાંજે ૨૫ જેટલા પોલીસ અધિકારીની બદલી કરવામાં આવી છે.



## સાવરકુંડલામાં સૂર્યાસ્તની અનોખી તસ્વીર



સાવરકુંડલા શહેરમાં ગિરધરવાવ મહુવા રોડનો (સૂર્યાસ્ત) (સાંધ્ય ઉદય) નો નજારો..!! લો સૂરજ ઢલ ગયા ઔર શામને અપની શહનાઈ બજાકર અપની દોંનોં બાહેં ફૈલાઈ... જબ શામ હૈ ઐસી મતવાલી તો રાત કા આલમ કયા હોગા.!! આ તસ્વીર સાવરકુંડલા શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળના શિક્ષક પિયુષભાઈ દવે સાવરકુંડલા દ્વારા કિલક કરી હતી.




જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)